


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 047
Dt.: 28-10-2025,
Tuesday
Page : 04
Rs.00.50 paisa



EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### આપણે આત્મનિરીક્ષણ કરતા રહેવું જોઈએ : રક્ષા મંત્રી

## સરહદ પર ગમે ત્યારે કંઈ પણ થઈ શકે છે : રક્ષા મંત્રી

### રાજનાથ સિંહે કહ્યું છે કે આપણે આત્મનિરીક્ષણ કરતા રહેવું જોઈએ અને યુદ્ધ જેવી સ્થિતિ માટે તૈયાર રહેવું જોઈએ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ગયા મે મહિનામાં, ભારતે એક મોટું આતંકવાદ વિરોધી ઓપરેશન, ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું. અનેક આતંકવાદી ઠેકાણાઓનો નાશ કરવા ઉપરાંત, ભારતે આ ઓપરેશન દરમિયાન ૧૦૦થી વધુ આતંકવાદીઓને પણ માર્યા હતા.

ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતા, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સોમવારે કહ્યું હતું કે ભારતે હંમેશા યુદ્ધ જેવી પરિસ્થિતિ માટે તૈયાર રહેવું જોઈએ. સંરક્ષણ પ્રધાને કહ્યું કે મે મહિનામાં પાકિસ્તાન સાથેના ચાર દિવસના લશ્કરી સંઘર્ષે સાબિત કર્યું કે સરહદ પર ગમે ત્યારે કંઈપણ થઈ શકે છે.

એક કાર્યક્રમને સંબોધતા, રાજનાથ સિંહે કહ્યું કે જ્યારે ભારતે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનને યોગ્ય જવાબ આપ્યો હતો, ત્યારે આપણે આ ઘટનાને રાષ્ટ્રીય સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે ભવિષ્યની વ્યૂહરચના ઘડવા માટે કેસ સ્ટડી અને સાધન તરીકે જોવી જોઈએ. સંરક્ષણ પ્રધાને કહ્યું કે, અમે દૃઢ નિશ્ચય સાથે મજબૂત પ્રતિક્રિયા આપી, અને આપણા દળો દેશની સરહદોનું રક્ષણ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. જો કે, વિશ્વમાં અનિશ્ચિતતાઓ વધી ગઈ છે. આપણે આત્મનિરીક્ષણ કરતા રહેવું જોઈએ.

તેમણે વધુમાં કહ્યું કે, ઓપરેશન સિંદૂરને એક કેસ સ્ટડી તરીકે જોવું જોઈએ જેમાંથી આપણે શીખી શકીએ છીએ અને આપણા ભવિષ્યને ઘડી શકીએ છીએ. આ ઘટનાએ ફરી એકવાર આપણને બતાવ્યું છે કે આપણી સરહદો પર, ગમે ત્યાં, ગમે ત્યારે કંઈ પણ થઈ શકે છે. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે આપણે યુદ્ધ જેવી પરિસ્થિતિ માટે તૈયાર રહેવું જોઈએ, અને આપણી તૈયારી આપણા પોતાના પાયા પર આધારિત હોવી જોઈએ. આ કાર્યક્રમમાં, સંરક્ષણ મંત્રીએ ભાર મૂક્યો કે આજે સંરક્ષણ ક્ષેત્ર અને યુદ્ધમાં જે ફેરફારો થઈ રહ્યા છે તેનો સામનો ફક્ત સ્વદેશી સાધનો દ્વારા જ કરી શકાય છે. તેમણે કહ્યું કે, આજે સમગ્ર વિશ્વ ઘણા સ્તરે પરિવર્તનોમાંથી પસાર થઈ રહ્યું છે. અગાઉ સ્થાપિત વિશ્વ વ્યવસ્થા બદલાઈ રહી છે, પછી ભલે તે યુક્રેન હોય, મધ્ય પૂર્વ હોય કે આફ્રિકા. ઘણા પ્રદેશોમાં સંઘર્ષના ક્ષેત્રો વધી રહ્યા છે.

આ પરિસ્થિતિઓમાં, ભારત માટે તેની સુરક્ષા અને વ્યૂહરચનાને ફરીથી વ્યાખ્યાયિત કરવી અત્યંત જરૂરી બની ગયું છે. રાજનાથ સિંહે વધુમાં કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન, વિશ્વએ આકાશ મિસાઈલ સિસ્ટમ, બ્રહ્મોસ, આકાશતીર એર ડિફેન્સ કંટ્રોલ સિસ્ટમ અને અન્ય સ્વદેશી સાધનોની પરાક્રમ જોયુ. રાજનાથ સિંહે કહ્યું કે સરકાર સંરક્ષણ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે સમાન તકો પૂરી પાડી રહી છે, અને ઉદ્યોગોએ આ તકનો સંપૂર્ણ લાભ લેવો જોઈએ.



### દેશની છબી ખરડાઈ રહી છે : સુપ્રીમ કોર્ટ

## રખડતાં શ્વાન મામલે સુપ્રીમ કોર્ટે રાજ્યોના મુખ્ય સચિવોને હાજર થવા આપ્યા આદેશ

### સુપ્રીમ કોર્ટે ઑગસ્ટમાં દેશભરના રખડતાં શ્વાનને પકડી, તેમનું ખસીકરણ કરી છોડી મૂકવાનો આદેશ આપ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશભરમાં રખડતાં શ્વાન મામલે રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની સરકાર દ્વારા સોગંદનામું દાખલ ન કરવા બદલ સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આદેશ આપ્યા બાદ પણ શ્વાન કરડી જવાની અનેક ઘટનાઓ બની રહી છે, વિદેશમાં પણ દેશની છબિ ખરાબ થઈ રહી છે. તેમ છતાં રાજ્યોએ અનુપાલનનું સોગંદનામું રજૂ કર્યુ નથી. કોર્ટે રાજ્યોના મુખ્ય સચિવને આ અંગે જાણ કરી ત્રણ નવેમ્બર સુધી જવાબ આપવા કહ્યું છે.



સુપ્રીમ કોર્ટે ઑગસ્ટમાં દેશભરના રખડતાં શ્વાનને પકડી, તેમનું ખસીકરણ કરી છોડી મૂકવાનો આદેશ આપ્યો હતો. તેના અનુપાલન માટે રાજ્ય અને કેન્દ્રશાસિત સરકારને સોગંદનામું રજૂ કરવા કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ૨૨ ઑગસ્ટના આદેશ અનુસાર માત્ર ૩ અનુપાલનના સોગંદનામા દાખલ કર્યા છે. જેમાં પશ્ચિમ બંગાળ, તેલંગાણા અને દિલ્હી સામેલ છે. જો કે, અન્યોએ અમારા આદેશનું પાલન કર્યું નથી. તેમણે હાજર થવું પડશે. કારણકે, ત્રણ મહિના થયા હોવા છતાં અનુપાલનના સોગંદનામા દાખલ કર્યા નથી. તેમણે આવીને સ્પષ્ટતા આપવી પડશે. તેમણે સોંગદનામું રજૂ કરવું પડશે.

સુપ્રીમ કોર્ટે દિલ્હી એનસીઆર સાથે જોડાયેલા રખડતાં શ્વાન મામલે ૨૨ ઑગસ્ટના ચુકાદો આપતાં તેનો અમલ રાજ્યભરમાં કરવા કહ્યું હતું. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ આદેશના અમલ પર સોગંદનામું દાખલ કરવા કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે તેલંગાણા, પશ્ચિમ બંગાળ અને દિલ્હી સિવાય અન્ય રાજ્યો પાસેથી કોઈ જવાબ કે પ્રતિક્રિયા ન મળતા નારાજગી વ્યક્ત કરી હતી. તેણે તમામ રાજ્યોના મુખ્ય સચિવોને ૩ નવેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટમાં હાજર થઈ સ્પષ્ટતા આપવા સૂચન કર્યું છે. જસ્ટિસ વિક્રમ નાથે જણાવ્યું હતું કે, આ મામલે વિદેશમાં ભારતની છબિ ખરાબ થઈ રહી છે. સુપ્રીમ કોર્ટ રાજ્યના આ વલણથી નારાજ છે. જરૂરિયાત પર ઓડિટોરિયમમાં કેસ ચલાવવામાં આવશે.

### બે નવેમ્બરે સતિશ ધવન સ્પેસ સેન્ટર પરથી લોન્ચ થશે

## ભારતનો સૌથી મોટો કમ્યુનિકેશન સેટેલાઈટ લોન્ચ માટે તૈયાર

### ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન દ્વારા સૌથી મોટી કમ્યુનિકેશન સેટેલાઈટ CMS-03 હવે લોન્ચ માટે તૈયાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) દ્વારા ભારતની સૌથી મોટી કમ્યુનિકેશન સેટેલાઈટ CMS-03 હવે લોન્ચ માટે તૈયાર છે. આ સેટેલાઈટને LVM3 રોકેટની મદદથી લોન્ચ કરવામાં આવી રહી છે. આ મિશનને બે નવેમ્બરે સતિશ ધવન સ્પેસ સેન્ટર પરથી લોન્ચ કરવામાં આવશે. આ સ્પેસ સ્ટેશન શ્રીહરિકોટામાં આવેલું છે. LVM3 રોકેટનું આ પાંચમું ઓપરેશન છે. આ સેટેલાઈટ દ્વારા ભારતની ડિજિટલ કનેક્ટિવિટીને વધુ સારી રીતે વિકસિત કરવામાં આવી રહી છે. CMS-03 એક કમ્યુનિકેશન સેટેલાઈટ છે. આ એક મલ્ટીબેન્ડ કમ્યુનિકેશન સેટેલાઈટ છે જેની મદદથી ભારતના દરેક ખૂણામાં એની સર્વિસને પહોંચાડી શકાશે. આ સેટેલાઈટનું વજન અંદાજે ૪૪૦૦ કિલોગ્રામ છે. ભારતની જમીન પરથી લોન્ચ કરવામાં આવેલી આ અત્યાર સુધીની સૌથી મોટી અને વજનદાર સેટેલાઈટ છે જેને જીયોસિક્રોનસ ટ્રાન્સફર ઓરબિટમાં મોકલવામાં આવી રહી છે. આ એડવાન્સ સેટેલાઈટને ખાસ ડિઝાઈન કરવામાં આવી છે. એનાથી ભારતભરના દરેક ખૂણા અને દરિયામાં પણ એની સર્વિસ પહોંચાડવામાં આવશે.

CMS-03 સેટેલાઈટ દ્વારા ભારતમાં ડિજિટલ કનેક્ટિવિટીમાં ખૂબ જ વધારો કરવામાં આવી રહ્યો છે. એના દ્વારા સિવિલ, સ્ટ્રેટેજિક અને મેરિટાઈમ જેવા દરેક ક્ષેત્રમાં એનો ઉપયોગ કરવામાં આવશે. એક વાર આ સેટેલાઈટ કામ કરતું શરૂ થશે ત્યાર બાદ ભારતની કમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધુ શક્તિશાળી બનશે. એના દ્વારા ભારતના નાના-નાના ગામડાઓમાં પણ સર્વિસ પહોંચાડી દેવામાં આવશે. આ મિશન દ્વારા LVM3 રોકેટ કેવી રીતે કામ આવી શકે એ વિશે પણ જાણવા મળી રહ્યું છે. આ રોકેટ હવે કમર્શિયલ સેટેલાઈટ લોન્ચર પણ બની શકે છે.

૨૦૨૩ની જુલાઈમાં ચંદ્રયાન ૩ની સફળતા બાદ LVM3 ખૂબ જ ચર્ચામાં રહ્યું હતું. ચંદ્રયાન ૩ના લોન્ચ માટે આ રોકેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ચંદ્રની સાઉથ પોલમાં જનારું ભારત પહેલો દેશ બન્યું હતું. એ માટે LVM3એ ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આ સફળતા બાદ હવે ૨ નવેમ્બરે સેટેલાઈટ લોન્ચ કરવામાં આવી રહ્યું છે. ત્યાર બાદ એનો ઉપયોગ કમર્શિયલ પણ કરવામાં આવશે. લોન્ચ પહેલાંની તમામ તૈયારી થઈ ચૂકી છે. લોન્ચ કરવા પહેલા ફ્યુઅલ ભરવાનું તેમજ ફાઈનલ રિહર્સલની તૈયારી આગામી થોડા દિવસમાં કરવામાં આવશે.

## અયોધ્યામાં પરિપૂર્ણ થયું રામ મંદિરનું નિર્માણ કાર્યઃ કળશ અને ધ્વજની પણ સ્થાપના

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા

અયોધ્યામાં આવેલું હિંદુ ધર્મનું પવિત્ર તીર્થસ્થળ રામ જન્મભૂમિ મંદિરનું નિર્માણકાર્ય પૂર્ણ થયું છે. આશરે ૫૦૦ વર્ષની રાહ જોયા બાદ અયોધ્યા રામ મંદિર હવે સંપૂર્ણપણે તૈયાર થઈ છે. વર્ષ ૨૦૨૦માં મંદિરના નિર્માણનું કાર્ય શરુ થયું હતું, જેનું ઉદ્ઘાટન ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ માં થયું હતું, પરંતુ કેટલુંક બાંધકામ ચાલુ હતું. જોકે, હવે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, અયોધ્યામાં રામ મંદિર નિર્માણકાર્ય સાથે જોડાયેલ તમામ કાર્ય પૂર્ણ થઈ ગયું છે, જેમાં મુખ્ય મંદિર, ભગવાન શિવ, ભગવાન ગણેશ, ભગવાન હનુમાન, સૂર્યદેવ, દેવી ભગવતી, દેવી અન્નપૂર્ણા અને શેષાવતારના છ કિલ્લાવાળા મંદિરોનો સમાવેશ થાય છે. રામ મંદિરના બાંધકામ પૂર્ણ થયા પછી કિલ્લાની દિવાલની અંદર છ મંદિરોમાં ધ્વજદંડ અને કળશ સ્થાપિત કરવામાં આવ્યા છે.

### દક્ષિણ ચીન સાગરમાં બબાલ

## માત્ર ૩૦ મિનિટના ગાળામાં સુપર પાવર અમેરિકાએ ગુમાવ્યા ૨ એરક્રાફ્ટ

### યુએસએસ નિમિત્ઝ એરક્રાફ્ટ કેરિયરથી દક્ષિણ ચીન સાગરમાં એક ફાઈટર જેટ અને એક હેલિકોપ્ટર ક્રેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

સમુદ્રની વચ્ચોવચ દુનિયાના સૌથી શક્તિશાળી યુદ્ધજહાજ અને તેના અડધા કલાકમાં બે એરક્રાફ્ટ ગાયબ થઈ ગયા? જી હા. ૨૬ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ યુએસએસ નિમિત્ઝ વિમાનવાહક જહાજ પર આવી એક ઘટના ઘટી છે. ત્યારબાદ સમગ્ર દુનિયામાં તેની ચર્ચા છે.

ન્યૂઝ એજન્સી એપી મુજબ નેવીના પ્રશાંત બેડેએ કહ્યું કે વિમાનવાહક જહાજ યુએસએસ નિમિત્ઝ પર આધારિત એક ફાઈટર જેટ અને એક હેલિકોપ્ટર બંને રવિવારે બપોરે ૩૦ મિનિટના સમયગાળામાં દક્ષિણ ચીન સાગરમાં દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયા. બેડેએ એક નિવેદનમાં કહ્યું કે એમએચ-૬૦ આર સી હોક હેલિકોપ્ટરના ત્રણ ચાલક દળના સભ્યોને બચાવી લેવાયા અને એફ/એ-૧૮ સુપર હોર્નેટ ફાઈટર જેટમાં બે એવિએટર બહાર નીકળી ગયા અને તેમને સુરક્ષિત રીતે મેળવી લેવાયા અને તમામ પાંચ સુરક્ષિત અને સ્થિર સ્થિતિમાં છે. નિવેદનમાં કહેવાયું છે કે બંને દુર્ઘટનાઓના કારણોની તપાસ થઈ રહી છે. આ વિસ્તાર આમ પણ સુપરસેન્સિટિવ છે. જ્યાં ચીન અને અમેરિકાની તનાતની ચાલતી રહે છે.

રાહતના સમાચાર એ છે કે જાનમાલનું કોઈ નુકસાન થયું નથી. હેલિકોપ્ટરના ત્રણ ક્રુ સભ્યોને નિમિત્ઝના સર્ચ એન્ડ રેસ્ક્યૂ દળે તરત બચાવી લીધા. ફાઈટર જેટના બંને પાઈલોટ્સે ઈમરજન્સીમાં ઈજેક્ટ કર્યું અને તેઓ પણ સુરક્ષિત છે.

યુએસ પેસિફિક ફ્લીટે નિવેદન આપ્યું કે તમામ પાંચ ક્રુ સભ્યો સુરક્ષિત છે અને તેમની સ્થિતિ સ્થિર છે. પરંતુ સવાલ એ છે કે આખરે એવું તે શું થયું? નેવીએ કહ્યું કે અકસ્માતના કારણોની તપાસ શરૂ થઈ ગઈ છે. કદાચ ટેક્નિકલ ખરાબી, હવામાન કે માનવીય ભૂલ...કઈ પણ હોઈ શકે છે. યુએસએસ નિમિત્ઝ કોઈ સામાન્ય જહાજ નથી. તે ૧૯૭૫થી અમેરિકાની નેવીનું ગૌરવ રહ્યું છે. આ વર્ષે તે મિડલ ઈસ્ટમાં હતું. જ્યાં યમનના હૂતી વિદ્રોહીઓના હુમલાના જવાબમાં તૈનાત હતું. હવે તે વોશિંગ્ટનના નેવલ બેસ કિટસૈપ પરત ફરી રહ્યું છે. આ તેનું છેલ્લું મિશન છે. કારણ કે ૨૦૨૬માં તેને રિટાયર કરી દેવાશે? નવા ફોર્ડ ક્લાઝ કેરિયર્સ તેની જગ્યા લેશે. પરંતુ આ અકસ્માતો જૂના જહાજોના મેન્ટેનન્સ પ્રોબલમ્સ તરફ ઈશારો કરે છે. આ કોઈ પહેલીવાર નથી બન્યું.

હાલમાં જ યુએસએસ હૈરી એસ. ટ્રૂમેન કેરિયર સાથે પણ આવા અકસ્માતો થયા છે. ડિસેમ્બર ૨૦૨૪માં તેના એક જેટને ભૂલથી યુએસએસ ગેટિસબર્ગ ક્રૂઝરે તોડી પાડ્યું. પછી એપ્રિલ ૨૦૨૫માં એક એફ/એ-૧૮ હેંગર ડેકથી લપસીને રેડ સીમાં પડી ગયું. મેમાં એક જેટ લેન્ડિંગ દરમિયાન કેબલ પકડી શક્યું નહીં અને સમુદ્રમાં જતું રહ્યું. દર વખતે પાઈલોટ સુરક્ષિત બચી ગયા પરંતુ આ અકસ્માતોની તપાસ હજુ પૂરી થઈ નથી.

## મુંબઈથી બિહાર જતી ટ્રેનમાં કપલિંગ તૂટતા ડબ્બા અલગ થયા

### સૂચના મળતા જ રેલવેની ટેકનિકલ ટીમ ઘટનાસ્થળે પહોંચી અને લગભગ ચાર કલાકની ભારે મહેનત બાદ ડબ્બાને ફરી જોડાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ચિત્રકૂટ

સતના-માનિકપુર રેલ ખંડ પર મઝગાંવા-ટિકરિયાની વચ્ચે એક મોટી રેલ દુર્ઘટના ટળી ગઈ. જ્યારે લોકમાન્ય તિલક ટર્મિનલથી ભાગલપુર જઈ રહેલી મુંબઈ-ભાગલપુર એક્સપ્રેસ (ટ્રેન નંબર ૧૨૩૩૬) સોમવાર સવારે કપલિંગ તૂટવાથી અચાનક બે ભાગમાં ફંટાઈ ગઈ હતી. આ દુર્ઘટના મઝગાંવા અને ટિકરિયા રેલવે સ્ટેશનોની વચ્ચે સવારે ૨.૫૪ કલાકે થઈ હતી. કપલિંગ તૂટવાથી ટ્રેનના પાછળના ત્રણ ડબ્બા મુખ્ય ટ્રેનથી અલગ થઈને ટ્રેક પર અટકી ગયા હતા, જેનાથી યાત્રીઓમાં અફરાતફરી મચી ગઈ હતી. સારી વાત એ છે કે તે સમયે ટ્રેનની સ્પીડ ધીમી હતી, જેના કારણે મોટી દુર્ઘટના ટળી ગઈ. સૂચના મળતા જ રેલવેની ટેકનિકલ ટીમ ઘટનાસ્થળે પહોંચી અને લગભગ ચાર કલાકની ભારે મહેનત બાદ ડબ્બાને ફરી જોડવામાં આવ્યા. ટેકનિકલ તપાસ પૂરી થયા બાદ ટ્રેનને આગળ ભાગલપુર તરફ રવાના કરી દીધી હતી. રેલવે અધિકારીઓએ જણાવ્યું કે કપલિંગ તૂટવાની ઘટનાની તપાસ થઈ રહી છે. પ્રાથમિક તપાસમાં ટેકનિકલ ખરાબી કારણ માનવામાં આવી રહ્યું છે.




# તંત્રી લેખ......

## પાકિસ્તાને ચેતવણી, આતંકવાદી નેટવર્ક્સને ભંડોળ પૂરું પાડવા પર કડક કાર્યવાહી

એ સારું છે કે ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ,(એફએટીએફ) એક આંતરરાષ્ટ્રીય સંસ્થા જે મની લોન્ડરિંગ અને આતંકવાદી ભંડોળનું નિરીક્ષણ કરે છે અને અટકાવે છે, તેણે પાકિસ્તાનને ચેતવણી આપી હતી કે તેને તેની ગ્રે લિસ્ટમાંથી દૂર કરવાનો અર્થ એ નથી કે તેને તે કાર્યો કરવા માટે મુક્ત હાથ આપવામાં આવ્યો છે જેના કારણે તેને સૂચિમાં સમાવેશ થયો. આતંકવાદી સંગઠનોને નાણાકીય સહાય પૂરી પાડવાના આરોપસર ગ્રે લિસ્ટમાં રહેલું પાકિસ્તાન ૨૦૨૨ માં યાદીમાંથી દૂર કરવામાં સફળ રહ્યું. તેના થોડા સમય પછી, તેણે તેની જૂની પ્રવૃત્તિઓ ફરી શરૂ કરી. તેણે પહેલાની જેમ આતંકવાદી સંગઠનોને પોષવાનું શરૂ કર્યું એટલું જ નહીં, પરંતુ તેમના નાણાકીય સ્ત્રોતોને પુનઃસ્થાપિત કરવામાં પણ સક્રિય બન્યું. તાજેતરના સમયમાં, અસંખ્ય અહેવાલો બહાર આવ્યા છે જે દર્શાવે છે કે વિવિધ આતંકવાદી સંગઠનો પાકિસ્તાનમાં ફરી ઉભરી આવ્યા છે. કેટલાક જાહેર મેળાવડા દ્વારા ભંડોળ એકત્ર કરી રહ્યા છે, જ્યારે અન્ય આતંકવાદીઓની ભરતી કરી રહ્યા છે. આતંકવાદી જૂથ જૈશ-એ-મોહમ્મદે મહિલાઓ માટે ઓનલાઈન આતંકવાદી તાલીમ કાર્યક્રમ શરૂ કર્યો છે, જેના દ્વારા લાખો રૂપિયા એકત્ર કરવાની આશા છે. અન્ય એક આતંકવાદી જૂથ, લશ્કર-એ-તૈયબાએ પણ આતંકવાદીઓને તાલીમ આપવાનું શરૂ કર્યું છે. બંને ખાસ કરીને ભારત માટે ખતરો છે. પાકિસ્તાનમાં કાર્યરત આતંકવાદી સંગઠનો ક્રિપ્ટોકરન્સી દ્વારા ભંડોળ એકત્ર કરવાના અહેવાલો પણ છે, અને એફએટીએફ સંભવતઃ જાણે છે કે પાકિસ્તાને કેવી રીતે પહેલગામ હુમલા માટે જવાબદાર આતંકવાદી જૂથ ટીઆરએફનો બચાવ કર્યો હતો.

ટીઆરએફ લશ્કર-એ-તૈયબાનું એક મુખ્ય જૂથ છે. એફએટીએફે પાકિસ્તાનને ચેતવણી આપી છે કે તેની પદ્ધતિઓ એવા દેશો પર પણ નજર રાખી રહી છે જેમને તેની ગ્રે લિસ્ટમાંથી દૂર કરવામાં આવ્યા છે, તેનાથી ભારતે સંતોષ ન માનવો જોઈએ. એફએટીએફ ના એશિયા પેસિફિક ગ્રુપે ખાતરી કરવી જોઈએ કે પાકિસ્તાન આતંકવાદી ભંડોળ રોકવા માટે કામ કરવાનું ચાલુ રાખે. આ ગ્રુપમાં પાકિસ્તાનનો સાથી ચીન શામેલ હોવાથી, ભારતે તેની રાજદ્વારી સતર્કતા અને સક્રિયતા વધારવી જોઈએ. તેણે ગ્રુપના સભ્યો તેમજ આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓને આતંકવાદને પોષવાની પાકિસ્તાનની પદ્ધતિઓ વિશે પણ જાણ કરવી જોઈએ. એફએટીએફની ગ્રે લિસ્ટમાંથી દૂર કરવામાં આવ્યા પછી, પાકિસ્તાન આઈએમએફ અને એશિયન ડેવલપમેન્ટ બેંક જેવી સંસ્થાઓ પાસેથી નાણાકીય સહાય મેળવી શક્યું. ભારતે પણ યુએસના વલણથી સાવચેત રહેવું જોઈએ, કારણ કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ હાલમાં આતંકવાદના માસ્ટરમાઈન્ડ પાકિસ્તાનના શુભેચ્છક છે.

## અમદાવાદથી અમરેલી અને રાજકોટ આવી રહેલા વાહન ચાલકોને બરવાળા ડાયવર્ટ કરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર

ગુજરાતમાં બે દિવસથી માવઠાની અસર જોવા મળી રહી છે. રાજ્યમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ધોધમાર કમોસમી વરસાદ વરસ્યો છે. જેના કારણે નદીમાં પૂરની સ્થિતિ જોવા મળી છે. ભાવનગરના વલ્લભીપુરમાં ઘેલો નદીના બ્રિજ પરનું ડાયવર્ઝન પાણીમાં ગરકાવ થઈ જતાં વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. ડાયવર્ઝન ધોવાતા ભારે વાહનો માટે રસ્તો બંધ કરવામાં આવ્યો છે. ભાવનગરના વલ્લભીપુરમાં ઘેલો નદીમાં ઉપરવાસમાં થયેલા વરસાદને કારણે પાણીનો પ્રવાહ આવી જવાથી પૂર જેવી સ્થિતિ જોવા મળી છે. નદીમાં પાણી આવી જવાથી ઘેલો નદીના બ્રિજ પરનું ડાયવર્ઝન ધોવાયું છે. જેના કારણે ભારે વાહનો માટે રસ્તો બંધ કરવામાં આવ્યો છે. તંત્ર દ્વારા ભારે વાહનો માટે વૈકલ્પિક રૂટની પણ જાહેરાત કરવામાં આવી છે. અમરેલી અને રાજકોટ તરફના ભારે વાહનોને બરવાળા ડાયવર્ટ કરવામાં આવ્યા છે. રસ્તો બંધ થઈ જતાં વાહન ચાલકોને ૩૦ કિ.મી સુધી ફરીને જવાની નોબત આવી છે. અમદાવાદથી અમરેલી રાજકોટ આવી રહેલા ભારે વાહનોને બરવાળા થઈ ડાયવર્ઝન અપાયું છે. પોલીસ તંત્ર દ્વારા વાહન ચાલકોને રોકી ડાયવર્ઝન રૂટ પર રવાના કરવામાં આવી રહ્યાં છે. રસ્તો બંધ થઈ જતાં વાહન ચાલકોને ૩૦ કિ.મી વધુ ફરીને જવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

### મેચમાં કેટલાક મોટા ફેરફારો જોવા મળી શકે છે

## ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પહેલી T20 મેચ ૨૯ ઓક્ટોબરે રમાશે

### એક તરફ ગિલ અને સૂર્યાનું ફોર્મ ચિંતાનો વિષય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની વનડે સિરીઝ રોમાંચક અંદાજમાં સમાપ્ત થઈ છે. ઓસ્ટ્રેલિયાની ટીમે સિરીઝને ૨-૧થી પોતાના નામે કરી છે. હવે ઈન્ડિયા અને ઓસ્ટ્રેલિયા T20 સિરીઝ આમને-સામને જોવા મળશે. પહેલી T20 મેચ ૨૯ ઓક્ટોબરે રમાશે. આ સિરીઝમાં ભારતીય ટીમ વનડે સિરીઝની હારના ઘા રૂઝાવવામાં મદદ કરશે. સૂર્યકુમાર યાદવના નેતૃત્વ હેઠળની પ્લેઈંગ ઈલેવનમાં કેટલાક મોટા ફેરફારો જોવા મળી શકે છે.

શુભમન ગિલ ઓસ્ટ્રેલિયા સામેની વનડે સિરીઝના ત્રણેય મેચમાં ફ્લોપ જોવા મળ્યો છે. આવી સ્થિતિમાં ગિલને T20 સિરીઝની પહેલી મેચ માટે આરામ આપી શકાય છે. એશિયા કપમાં સંજુ સેમસનને ઓપનર તરીકે ડિમોશન થયું હતું અને શુભમન ગિલે ઓપનિંગ કરી હતી. જો કે, ગિલનું બેટિંગ પ્રદર્શન ખાસ પ્રભાવશાળી નહોતું. બીજી તરફ સેમસનએ મિડલ ઓર્ડરમાં સારી બેટિંગ કરી હતી. તેથી ટીમ મેનેજમેન્ટ ગિલને આરામ આપવાનું અને સંજુ સેમસનને ફરીથી ઓપનર તરીકે રમવાનું વિચારી શકે છે.

શુભમન ગિલને એશિયા કપ ૨૦૨૫ પહેલા T20 ટીમના ઉપ-કેપ્ટન તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. આવી સ્થિતિમાં ગિલને રેસ્ટ આપવામાં આવે તેવી શક્યતા ઓછી છે. પ્લેઈંગ ઈલેવનમાં જસપ્રીત બુમરાહનું ટીમમાં કમબેક થશે અને અર્શદીપ સાથે એક્શનમાં જોવા મળી શકે છે. કેપ્ટન સૂર્યકુમાર યાદવના ફોર્મ પર પણ પ્રશ્નાર્થ છે. એશિયા કપમાં SKY બેટથી નિષ્ફળ રહ્યો હતો. SKYનું પ્રદર્શન માર્ચ ૨૦૨૧થી ખાસ કરીને ખરાબ રહ્યું છે. એક તરફ ગિલ અને સૂર્યાનું ફોર્મ ચિંતાનો વિષય છે, જ્યારે બીજી તરફ અભિષેક શર્મા, તિલક વર્મા, શિવમ દુબે અને કુલદીપ યાદવનું ફોર્મ ઓસ્ટ્રેલિયાને મુશ્કેલીમાં મુકશે. આ બધા ખેલાડીઓએ એશિયા કપમાં ભારે તબાહી મચાવી હતી. બુમરાહ સાથે ટીમ વધુ ઘાતક બનશે. ફરી એકવાર આ યુવા ટીમને ભારે તબાહી મચાવતી જોવા મળશે.

ભારતની સંભવિત પ્લેઈંગ ઈલેવન : અભિષેક શર્મા, સંજુ સેમસન (વિકેટકીપર), તિલક વર્મા, સૂર્યકુમાર યાદવ, અક્ષર પટેલ, શિવમ દુબે, રિંકુ સિંહ, કુલદીપ યાદવ, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ, જસપ્રિત બુમરાહ.

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની સમુદ્રિક વિરાસત અને વર્તમાન વૈશ્વિક વિકાસની પ્રભાવક પ્રસ્તુતિ કરી

## મુંબઈમાં 'ઈન્ડિયા મેરિટાઈમ વીક ૨૦૨૫'નો કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહના હસ્તે પ્રારંભ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મુંબઈમાં ઈન્ડિયા મેરીટાઈમ વીક-૨૦૨૫ના ઉદઘાટન અવસરે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતે 'સમુદ્ર સે સમૃદ્ધિ'નો માર્ગ અપનાવ્યો છે અને રાજયનાં પોર્ટ્સને સમૃદ્ધિનું દ્વાર બનાવ્યા છે.

ભારત સરકારના પોર્ટસ, શિપિંગ એન્ડ વોટરવેઝ મંત્રાલય દ્વારા બોમ્બે એક્ઝિબિશન સેન્ટર ખાતે ૨૭ થી ૩૧ ઓક્ટોબર દરમિયાન આયોજિત ઈન્ડિયા મેરીટાઈમ વીક- ૨૦૨૫ના ઉદઘાટન સત્રમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મેરિટાઈમ સેક્ટરના વિકાસની પ્રભાવક પ્રસ્તુતિ કરી હતી.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે મુંબઈમાં આ દ્વિવાર્ષિક મેગા ઈવેન્ટનો પ્રારંભ પોર્ટ્સ, શિપિંગ એન્ડ વોટરવેઝ મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલજીની તથા મહારાષ્ટ્ર, ગોવા અને ઓડિસ્સાના મુખ્યમંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં થયો હતો. આ અગ્રણી વૈશ્વિક મેરિટાઈમ ઈવેન્ટમાં ૧૦૦થી વધુ દેશોના મેરિટાઈમ ઈન્ડસ્ટ્રીના લીડર્સ, ઈનોવેટર્સ, ઈનવેસ્ટર્સ અને સ્ટેકહોલ્ડર્સ એક મંચ પર જોડાયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ આ સમિટના ઉદઘાટન સત્રમાં ગુજરાતની સામુદ્રિક વિરાસત અને વર્તમાન વૈશ્વિક વિકાસની ગાથા પ્રસ્તુત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ચીપ અને શિપ બંને વિકસાવવાની જે ઈકોસિસ્ટમ ઊભી થઈ છે તે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને વેગવાન બનાવશે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ અને શ્રી અમિતભાઈના માર્ગદર્શનમાં ગુજરાત આજે મેરિટાઈમ એક્સલેન્સનું ગ્લોબલ લીડર બન્યું છે. જ્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારથી સમુદ્રી વિકાસની ગૌરવશાળી યાત્રાનો પ્રારંભ આજથી બે દશક પહેલા થયો હતો. તેમણે ગુજરાતને 'સમુદ્ર સે સમૃદ્ધિ'નું વિઝન આપ્યું તેના પરિણામે આજે ગુજરાત વિશ્વભરના દેશો માટે મેરિટાઈમ ગેટવે ઑફ ધ નેશન બની ગયુ છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.



મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શનમાં ગુજરાતે પોર્ટ્સને રોડ-રસ્તા અને રેલ નેટવર્કથી જોડીને સુદ્રઢ કનેક્ટિવિટી પૂરી પાડી છે તથા પ્રાઈવેટ સેક્ટરની ભાગીદારીને પણ પ્રોત્સહન આપ્યું છે. તેમના વિઝનથી આજે ગુજરાતના પોર્ટ્સ વ્યાપારના કેન્દ્રોની સાથે-સાથે રોજગાર, ઉદ્યોગ અને વિકાસના જીવંત કેન્દ્રો બન્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની મેરિટાઈમ સેક્ટરની સિદ્ધિઓનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, ગુજરાતે દેશને પોર્ટ લેડ ડેવલપમેન્ટનું એક અનોખું અને સફળ મોડેલ આપ્યું છે. આજે ગુજરાત દેશના કુલ કાર્ગો ટ્રાફિકના ૪૦ ટકાથી વધુનું સંચાલન કરે છે.

તેમણે ઉમેર્યુ કે, દેશના LNG-LPG ક્ષેત્રમાં પણ ગુજરાત અગ્રેસર છે. દહેજમાં ન્દ્રચ ટર્મિનલ દેશના કુલ LNG-LPG હેન્ડલિંગમાં ૮૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. આ ઉપરાંત, દેશના કુલ જહાજ રિસાયક્લિંગના ૯૮ ટકા ગુજરાતના અલંગ શિપ રિસાયક્લિંગ યાર્ડમાં થાય છે તેમ જણાવ્યું હતું.

ગુજરાતની મેરિટાઈમ ઓળખ માત્ર મોડર્ન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધી સીમિત ન રહેતા રાજ્યના પ્રાચીન વિરાસત-વૈભવ અને ગૌરવનો પણ અભિન્ન હિસ્સો રહ્યો છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, દુનિયાના સૌથી જૂના ડૉકયાર્ડ લોથલમાં વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પલેક્સનું નિર્માણ થઈ રહ્યું છે. આ પ્રોજેક્ટ વડાપ્રધાનશ્રીના વિઝન 'વિકાસ ભી-વિરાસત ભી'નું જીવંત ઉદાહરણ પણ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા મેરીટાઈમ અમૃતકાલ વિઝન ૨૦૪૭ને સાકાર કરવા ગુજરાતના મેજર અને નોનમેજર પોર્ટ્સની ક્ષમતા વધારીને ૨૦૪૭ સુધીમાં ૩ હજાર MMTPA કરવાનું લક્ષ્ય રાખ્યુ છે તેની પણ ભૂમિકા આપી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના બ્લૂ ઈકોનોમીના વિઝનને પ્રોત્સાહન આપવા અંગેના ગુજરાતના પ્રયાસો વર્ણવતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીના આ વિચારને સાકાર કરવા ગુજરાત અનેક બ્લૂ ઈકોનોમી સ્ટ્રેટેજી પર કામ કરી રહ્યું છે. આ માટે મેરિટાઈમ ઈનોવેશન, સ્કિલ ડેવલપમેન્ટ અને મેરિટાઈમ સેક્ટરની સમગ્ર ઈકોસિસ્ટમને સુદ્રઢ કરવામાં આવી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાતે કોસ્ટલ કોમ્યુનિટી ડેવલપમેન્ટ અને ફીશરીઝ માટના પ્રોજેક્ટ્સનું અમલીકરણ કર્યું છે. એવી જ રીતે સાગરમાલા પ્રોજેક્ટ અંતર્ગત પોર્ટ મોર્ડનાઈઝેશન, કનેક્ટિવિટી અને સ્માર્ટ ઈન્ડસ્ટ્રિયલ પોર્ટ સિટીના પ્રોજેક્ટ્સ પર તેજ ગતિથી કાર્ય થઈ રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના શિપ રિસાયક્લીંગ ઉદ્યોગની વિશેષતા વર્ણવતા જણાવ્યું કે, દુનિયાના સૌથી મોટા શિપ રિસાઈક્લિંગ યાર્ડ અલંગમાં સ્થિત ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ચાલીસ હજારથી વધુ યુવાનોનું કૌશલ્યવર્ધન પણ કરવામાં આવ્યું છે તેનાથી ભવિષ્યમાં શિપ રિસાઈક્લિંગ સેક્ટરમાં રોજગાર અને સુરક્ષા પૂરી પાડશે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ ભારતને વિશ્વની ટૉપ ફાઈવ શિપબિલ્ડિંગ કન્ટ્રીઝમાં સામેલ કરવાનું લક્ષ્ય રાખ્યું છે તેને અનુરૂપ ગુજરાત વર્તમાન શિપયાર્ડ્સની કેપેસિટી વધારીને કમ્પલીટ સપોર્ટિવ પૉલિસી ફ્રેમવર્ક પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીના વિકસિત અને આત્મનિર્ભર ભારત વિઝનને સાકાર કરવા માટે મેરિટાઈમ સેક્ટરના ઈન્ક્લૂઝિવ ગ્રોથ પર ભાર મૂક્યો હતો અને મેરિટાઈમ અમૃતકાલ વિઝન ૨૦૪૭ની દિશામાં સહિયારા પ્રયાસો કરવા માટે આહવાન કર્યુ હતું.આ પ્રસંગે, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડનવીસ, ગોવાના મુખ્યમંત્રી શ્રી પ્રમોદ સાવંત, ઓડિશાના મુખ્યમંત્રી શ્રી મોહનચરણ માંઝી, કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી શાંતનુ ઠાકુર, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી સર્વ શ્રી એકનાથ શિંદે તથા શ્રી અજિત પવાર તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

### આમ આદમી પાર્ટી ફરી યોજશે ખેડુતોની મહાપંચાયતઃ કોંગ્રેસ પણ ખેડુત આંદોલનમાં કુદયુ

## ગુજરાતમાં ફરી ખેડુત આંદોલન સળગશે : કડદાપ્રથા બંધ કરવાની માંગ સાથે ખેડુતો રોડ રસ્તા પર ઉતરશે

પ્રતિનિધિ,ગાંધીનગર

સૌરાષ્ટ્રમાં ફરી એકવાર ખેડુતોનુ આંદોલન થવા જઈ રહ્યુ છે. જેમાં બોટાદવાળી થવાનો ડર છે. સૌરાષ્ટ્ર એ ખેડુતોના આંદોલનનુ એપી સેન્ટર બની રહ્યુ છે. જયાં કડદાપ્રથા બંધ કરવા માંગ ઉઠી રહી છે. હવે જોવુ એ રહ્યુ કે ગુજરાતમાં ખેડુત આંદોલન કેવુ અને કેટલુ સળગશે, અને આ આંદોલનની આ આગના પડઘા ગુજરાત સરકાર સુધી પહોચશે કે નહી,

સુરેન્દ્રનગર જિલ્લાના મુળી તાલુકામાં આજે સોમવારે ખેડુતોનો રોષ ફાટી નિકળ્યો હતો. બોટાદ જિલ્લાના હડદડ ગામમાં ખેડુતો પર થયેલા દમન અને અન્યાય સામે કિસાન એકતા મંચ ગુજરાતના નેજા હેઠળ મોટી સંખ્યામાં ખેડુતો ઉપસ્થિત રહી મુળી મામલતદાર કચેરી ખાતે ઉગ્ર રજુઆત કરી હતી. ખેડુતોના આગેવાનોએ મામલતદારને આવેદનપત્ર પાઠવી અનેક માંગણીઓ રજુ કરી હતી, આવેદનપત્ર માં જણાવ્યા પ્રમાણે કપાસના પાકની ખરીદી વખતે વેપારીઓ દ્વારા ખેડુતોને મળતા ભાવમાં થતો કડદા તાત્કાલીક રીતે બંધ કરાવવો, તેમજ સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદી માટે નકકી કરાયેલી ૭૦ મણની લીમીટ વધારીને ઓછામાં ઓછુ ૨૫૦ મણ કરવામાં આવે તેવી મુખ્ય માંગણી રાખવામાં આવી હતી.

તે ઉપરાંત બોટાદના હડદડ ગામમાં ૮૫ ખેડુતો સામે ખોટા કેસો દાખલ કરી દમન સહિત કાર્યવાહી કરનાર અધિકારીઓ સામે કડક પગલા લેવા, નિર્દોષ ખેડુતોને ન્યાય મળે અને પોલીસ દ્વારા પરીવાર સાથે કરાયેલા દમનની તપાસ થાય તેવી માંગ સાથે આવેદનપત્ર પાઠવ્યુ હતું.




આ કાર્યક્રમ દરમિયાન કિસાન એકતા મંચના આગેવાનોએ જો ખેડુતોને ન્યાય નહી મળે તો આગામી દિવસોમાં સમગ્ર ગુજરાતમાં વિશાળ આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. મુળી મામલતદાર કચેરી આગળ ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે ખેડુતો દ્વારા ઉગ્ર રોષ ઠાલવવામાં આવ્યો હતો. કિસાન એકતા મંચના પ્રતિનિધિઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ હતુ કે આ લડત ખેડુત હકક માટેની છે અને ખેડુતોને ન્યાય નહી મળે ત્યાં સુધી તેઓની લડત ચાલુ રહેશે.

તો બીજી તરફ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રભારી ગોપાલરાયે ખેડુત આંદોલન મુદ્દે મોટી જાહેરાત કરી છે. રાજયની એપીએમસીમાં ચાલતી કડદાપ્રથા બંધ કરવા માટે આમ આદમી પાર્ટી ખેડુતોની મહાપંચાયત યોજવા જઈ રહી છે. આગામી તા. ૩૧ ઓકટોબરના દિવસે ખેડુતોની મહાપંચાયત યોજવાની જાહેરાત આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રભારી ગોપાલરાય દ્વારા કરવામાં આવી હતી. સુરેન્દ્રનગરના લીમખેડા વિધાનસભા વિસ્તારમાં આવેલા સુદામડા ગામમાં ખેડુતોની મહાપંચાયત યોજાશે. જેમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંતમાન પણ હાજર રહેવાના છે. તેમજ આ ખેડુત મહાપંચાયતમાં રાજયભરના ખેડુતો પણ મોટી સંખ્યામાં જોડાશે.

કોંગ્રેસ વિપક્ષ નેતા અમિત ચાવડાએ પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા એક દિવસ, એક શહેર / જિલ્લો તેવી રીતે કાર્યક્રમ ઘડવામાં આવ્યો હતો. જેમાં જનઆક્રોશ સભા કરવામાં આવશે. છેલ્લા બે દિવસથી ગુજરાતમાં માવઠા પડી રહ્યા છે. જગતના તાતની સ્થિતિ દયનીય થઈ છે. સરકારે ખેડુતો પ્રત્યે સહાનુભુતી રાખવી જોઈએ તેને બદલે સરકારનુ વલણ અલગ છે. ખેડુતોને માવઠાને કારણે ખેતરોમાં પાણી ભરાયા, પાકમાં નુકશાન થયુ છે. માવઠા અને અતિવૃષ્ટિ ને કારણે ખેડુતો આર્થિક રીતે પાયમાલ થઈ રહ્યા છે. ખેડુતો ખુલ્લા બજારમાં (યાર્ડમાં) પાક વેચવા જાય તો પુરતા ભાવ મળતા નથી, વચેટીયા અને કમિશન એજન્ટ કમિશન વસુલે છે.

## ધારાસભ્યની ગ્રાન્ટમાંથી સરકારી શાળામાં ડીઝીટલ સ્માર્ટ બોર્ડ આપવા મંજુરી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારની આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો યોજના અંતર્ગત ધારાસભ્યના ફંડ સહિત વિકેન્દ્રીત જિલ્લા આયોજનના કામોમાં સુધારણા કરી ઓકટોબર ૨૦૨૫ થી નવા અનેક ફેરફારો જાહેર કરાયા છે.

જેમાં ગ્રામ્ય વિસ્તાર સુધી શિક્ષણની અત્યાધુનિક સુવિધા પહોચે તે માટે હવે ધારાસભ્યની ગ્રાન્ટમાંથી સરકારી શાળાઓમાં વર્ષ ૨૦૨૭-૨૮ સુધી ડીઝીટલ સ્માર્ટ બોર્ડ આપી શકાશે. તે સાથે રજીસ્ટર્ડ ગૌશાળાને માળખાકીય સુવિધાઓ માટે ૫ લાખ રૂપીયાની મર્યાદામાં ફાળવણી કરવા પણ મંજુરી આપવામાં આવી છે. સીનીયર મંત્રીઓની સંમંતિ દ્વારા કરાયેલા સુચનો અને સરકારને મળેલી રજુઆત બાદ વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમમાં એટીવીટી હેઠળ કરાતા કામોની માર્ગદર્શક યાદીમાં કરાયેલા ફેરફારોને સામાન્ય વહિવટ વિભાગે જાહેર કર્યા છે. તે મુજબ ગામ કે વોટ દીઠ અથવા ૧૦ હજારની વસતી દીઠ સરકારી જમીન / મિલ્કત ઉપર ૧૦ લાખની મર્યાદામાં કોમ્યુનીટી હોલનુ કામ મંજુર કરી શકાશે. વધુમાં હોલના નિર્માણમાં ૧૦ લાખ ઉપરાંત જરૂર પડે લોકફાળો ઉઘરાવી શકાશે. ધારાસભ્યની ગ્રાન્ટના એક કામના



સુચન માટે ૫ લાખની મર્યાદા વધારી ૧૦ લાખ કરવામાં આવી છે. ડેરી વ્યવસાય હેઠળ ૨ લાખની મર્યાદામાં વધારો કરી ૫ લાખ રૂપીયા કરાયો છે. જીવદયા કામ માટે કામ કરતી સંસ્થાઓને પશુ એમ્બ્યુલન્સ માટે ધારાસભ્યની ગ્રાન્ટમાંથી મહત્તમ ૧૦ લાખ રૂપીયા ફાળવી શકાશે. એટલુ જ નહી જો વધુ રકમની જરૂરીયાત જણાય તો અન્ય યોજના સાથે પણ જોડી શકાશે. જિલ્લા વહિવટી તંત્ર ગ્રાન્ટ હેઠળ કલેકટરને ૫૦ લાખને બદલે ૭૫ લાખ, જિલ્લા વિકાસ અધિકારીને ૫૦ લાખને બદલે ૭૫ લાખ ગ્રાન્ટ અને વધારેલી ૨૫ લાખની ગ્રાન્ટ શિક્ષણ, આરોગ્ય અને પોષણના ક્ષેત્ર માટે સુચવવાની રહેશે.

તે ઉપરાંત સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ શાળામાં ૧ લાખની મર્યાદામાં સાઉન્ડ સિસ્ટમ ફાળવી શકાશે. સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ શાળામાં સરકારી મિલ્કત કે જમીન ઉપરના જાહેર બાંધકામના સ્થળો ઉપર જળસંચય અભિયાન અંતર્ગત રેઈનવોટર હાર્વેસ્ટીંગ રીચાર્જ સ્ટ્રકચરના કામો કરી શકાશે. ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પીટલમાં માળખાકીય સુવિધા અને તાંત્રીક સાધન સહાય યોજના માટેના કામમાં ૫૦ ટકાની મર્યાદામાં ટ્રસ્ટ દીઠ મહત્તમ ૧૦ લાખ સુધીની ગ્રાન્ટ ફાળવી શકાશે. ફકત નગરપાલિકા વિસ્તારમાં પોકેટ ગાર્ડન માટે કંમ્પાઉન્ડ વોલ કે ગ્રીલ ફેન્સીંગના કામનો પણ સમાવેશ કરાયો છે. દિવ્યાંગો માટે કામ કરતી નોંધાયેલી સંસ્થાની માળખાકીય સુવિધા અને દિવ્યાંગ લાભાર્થીઓ માટે વિવિધ સાધન સહાય પણ ફંડમાંથી આપી શકાશે, ગામ દીઠ એનાઉન્સમેન્ટ સિસ્ટમ માટે સાધનોની ખરીદી અને ઈન્સ્ટોલેશન ખર્ચ પણ ૨ લાખ રૂપીયાની મર્યાદામાં કરી શકાશે. સ્મશાનને લગતા કામોની સુવિધા માટે મર્યાદા વધારી ૫ લાખની કરાઈ છે.

ધારાસભ્યની ગ્રાન્ટમાંથી સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ શાળા કોલેજો, ગ્રામ પંચાયતના મકાન, સરકારી સંસ્થાના મકાન ઉપર રૂફ ટોપ સોલાર મુકવા માટે પણ મંજુરી અપાઈ છે. તેના અમલીકરણ માટે વીજ કંપનીના નાયબ કાર્યપાલક ઈજનેરને નિયત કરવામાં આવ્યા છે. તે ઉપરાંત સરકારી જાહેર ગ્રંથાલયોને માળખાકીય સુવિધાઓ, રીનોવેશન અને રૂફ ટોપ સોલારના કામ માટે ૧૦ લાખ રૂપીયાની મર્યાદામાં ફાળવણી કરી શકાશે.

## અમરેલીના ડુંગર પોલીસ સ્ટેશનની સતર્કતાથી રાભડા-કણકોટ માર્ગ પર મોટી દુર્ઘટના ટળી

### નદી પાસેના રસ્તાની બાજુમાં આવેલી દિવાલ તૂટી જતા રસ્તાનો મોટો ભાગ ધોવાઈ ગયો, પોલીસે બંને તરફ સતર્ક બંદોબસ્ત ગોઠવીને વાહનચાલકોને જોખમી વિસ્તાર વિશે ચેતવણી આપી વાહનવ્યવહારને સુરક્ષિત રીતે નિયંત્રિત કર્યો

અમરેલી જિલ્લામાં ભારે વરસાદને કારણે રામતલિયુ નદી પાસેના રાભડા-કણકોટ જવાના માર્ગ પર સર્જાયેલી અકસ્માતજનક સ્થિતિમાં ડુંગર પોલીસે ત્વરિત અને સરાહનીય કામગીરી કરી છે.રાભડા-કણકોટને જોડતા માર્ગ પર રામતલિયુ નદીની નજીક રસ્તાની બાજુમાં આવેલી એક દીવાલ અચાનક તૂટી પડવાથી રસ્તાનો મોટો ભાગ ધોવાઈ ગયો હતો. દીવાલ તૂટી જવાથી અને રસ્તો ધોવાઈ જવાથી વાહનવ્યવહાર માટે ગંભીર જોખમ ઊભું થયું હતું, જેના કારણે કોઈ મોટી દુર્ઘટના થવાની સંભાવના હતી. આ બાબતની જાણ થતાની સાથે જ ડુંગર પોલીસ સ્ટેશનના અધિકારીઓએ પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં લઈને તાત્કાલિક પગલાં લીધા છે. માનવજીવનની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને, પોલીસે તકેદારીના ભાગરૂપે તાત્કાલિક ધોરણે હોમગાર્ડ જવાનોને ઘટનાસ્થળે બંદોબસ્ત માટે મોકલી આપ્યા છે. ધોવાણ થયેલા રસ્તાની બંને તરફ



સતર્ક બંદોબસ્ત ગોઠવીને હોમગાર્ડ જવાનોએ વાહનચાલકોને જોખમી વિસ્તાર વિશે ચેતવણી આપી હતી અને વાહનવ્યવહારને સુરક્ષિત રીતે નિયંત્રિત કર્યો હતો. પોલીસની આ ત્વરિત કામગીરીથી કોઈ પણ પ્રકારની જાનહાનિ કે મોટી અકસ્માતની ઘટના ટળી છે.હાલમાં, તંત્ર દ્વારા રસ્તાના સમારકામની કામગીરી શરૂ કરવામાં આવે ત્યાં સુધી પોલીસ અને હોમગાર્ડનો બંદોબસ્ત ચાલુ રહેશે, જેથી લોકો સુરક્ષિત રીતે અવરજવર કરી શકે.

ગરવી ગુજરાત




- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૦૨૦ અને ચાંદીના વાયદામાં રૂ.૩,૦૪૯ની નરમાઈઃ ક્રૂડ તેલમાં રૂ.૯નો સુધારો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૬૯૩૦.૮૩ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૩૦૦૬૬૯.૬૮ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૧૦૧૧.૪૭ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૮૫૧૮ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સ તથા ઓપ્શન્સમાં રૂ.૩૩૭૬૧૮.૯૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૬૯૩૦.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૩૦૦૬૬૯.૬૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૮૫૧૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૬૬૫.૫૮ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૧૦૧૧.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૨૫૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૨૮૯૦ અને નીચામાં રૂ.૧૨૧૨૬૮ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૩૪૫૧ના આગલા બંધ સામે રૂ.૨૦૨૦ ઘટી રૂ.૧૨૧૪૩૧ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની ઓક્ટોબર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૦૭૯ ઘટી રૂ.૯૭૫૦૬ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ ઓક્ટોબર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૫૧ ઘટી રૂ.૧૨૧૯૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૭૬ ઘટી રૂ.૧૨૦૫૭૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૧૬૭૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૨૩૩૮ અને નીચામાં રૂ.૧૨૦૫૩૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૨૭૭૪ના આગલા બંધ સામે રૂ.૧૯૭૮ ઘટી રૂ.૧૨૦૭૯૬ થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૪૨૯૧૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૭૪૭૯ અને નીચામાં રૂ.૧૪૨૯૧૦ના મથાળે અથડાઈ, રૂ.૧૪૭૪૭૦ના આગલા બંધ સામે રૂ.૩૦૪૯ ઘટી રૂ.૧૪૪૪૨૧ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૨૮૪૪ ઘટી રૂ.૧૪૬૬૨૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૨૮૨૯ ઘટી રૂ.૧૪૬૭૫૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૩૪૨.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ઓક્ટોબર વાયદો રૂ.૮.૩ વધી રૂ.૧૦૦૨.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ઓક્ટોબર વાયદો રૂ.૩.૩૫ વધી રૂ.૩૦૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ઓક્ટોબર વાયદો રૂ.૧.૧ વધી રૂ.૨૬૬.૬ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ઓક્ટોબર વાયદો ૮૦ પૈસા વધી રૂ.૧૭૯.૭૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૩૩૭૪.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓક્ટોબર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૨૭૯૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૮૩૬ અને નીચામાં રૂ.૨૭૨૧ના સ્તરને સ્પર્શી, રૂ.૬૦ ઘટી રૂ.૨૭૪૦ થયો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૪૫૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૪૭૨ અને નીચામાં રૂ.૫૩૬૮ના સ્તરને સ્પર્શી, રૂ.૫૪૨૭ના આગલા બંધ સામે રૂ.૯ વધી રૂ.૫૪૩૬ થયો હતો. ક્રૂડ તેલ-મિની નવેમ્બર વાયદો રૂ.૬ વધી રૂ.૫૪૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૭.૭ વધી રૂ.૨૮૯.૯ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૭.૬ વધી રૂ.૨૮૯.૯ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૯૧૪ના ભાવે ખૂલી, રૂ.૨ વધી રૂ.૯૧૯ થયો હતો. એલચી ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૨૬૮૧ના ભાવે ખૂલી, રૂ.૨૯ ઘટી રૂ.૨૬૮૬ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૯૬૮૨.૫૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૩૨૮.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૬૮૦.૬૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩૩.૧૭ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૩૨.૪૨ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૯૬.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૮.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૮૩.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૫૭૩.૨૮ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૯.૭૫ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૧.૩૯ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૫૩૭૯ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૩૪૧૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૯૪૨૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૮૯૫૨૧ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૮૯૫૨ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૭૦૧૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૫૬૩૬૭ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૫૧૯૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૭૪૩ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૬૭૮૭ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૪૮૮૯ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૮૮૩૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૮૮૩૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૮૪૪૧ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૧૨ પોઈન્ટ ઘટી ૨૮૫૧૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૧.૯ ઘટી રૂ.૨૦૭.૧ થયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૩૫ વધી રૂ.૨૨.૭૫ થયો હતો. સોનું ઓક્ટોબર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧૧.૫ ઘટી રૂ.૪૯૫ થયો હતો. આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૫૬ ઘટી રૂ.૨૬૬ થયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૬૬ વધી રૂ.૩૨ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૮૨ વધી રૂ.૬ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની નવેમ્બર રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૯.૨ ઘટી રૂ.૨૧૧ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની નવેમ્બર રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૬ વધી રૂ.૨૩ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૧૨૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૦૯ ઘટી રૂ.૬૮૮ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ઓક્ટોબર રૂ.૧૪૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૪૬૮.૫ ઘટી રૂ.૧૩૨૯ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨.૨ વધી રૂ.૧૯૫.૯ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫ પૈસા ઘટી રૂ.૪.૭૫ના ભાવે બોલાયો હતો. સોનું ઓક્ટોબર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૭૨ વધી રૂ.૮૭૮.૫ થયો હતો. આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૯૯.૫ વધી રૂ.૩૦૮ના ભાવે બોલાયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૬૧ ઘટી રૂ.૧૯.૬૧ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૨.૯ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની નવેમ્બર રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩.૬ વધી રૂ.૧૯૭.૮ થયો હતો. નેચરલ ગેસ-મિની નવેમ્બર રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૦ પૈસા ઘટી રૂ.૨૪.૩૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭૫.૫ વધી રૂ.૮૪૨ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ઓક્ટોબર રૂ.૧૪૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૧૬ વધી રૂ.૧૮૦૯ના ભાવે બોલાયો હતો.

# ભાવનગર રેલવે મંડળમાં સત્યનિષ્ઠાની પ્રતિજ્ઞા સાથે ‘સતર્કતા જાગરૂકતા સપ્તાહ’નો પ્રારંભ



પશ્ચિમ રેલવે, ભાવનગર મંડળમાં તા. ૨૭ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ “સતર્કતાઃ આપણી સંયુક્ત જવાબદારી” (Vigilance: Our Shared Responsibility) થીમ સાથે સતર્કતા જાગરૂકતા સપ્તાહની શરૂઆત કરવામાં આવી. આ સપ્તાહ ૨૭ ઓક્ટોબરથી ૨ નવેમ્બર, ૨૦૨૫ સુધી ઉજવાશે. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને રેલવે કર્મચારીઓમાં સત્યનિષ્ઠા, ઈમાનદારી અને પારદર્શિતાના મહત્વ અંગે જાગૃતિ લાવવાનો છે.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમ દરમિયાન વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી હુબલાલ જગનએ તમામ અધિકારીઓ અને કર્મચારીઓને સત્યનિષ્ઠાની પ્રતિજ્ઞા અપાવી. તેમણે હાજર તમામને પોતાના કાર્યમાં નિષ્ઠા, પારદર્શિતા અને કાયદાના નિયમોના પાલનનો સંકલ્પ કરાવ્યો.

આ અવસરે મંડળ કચેરીના વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા. સપ્તાહ દરમિયાન વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો, નિબંધ સ્પર્ધા, વ્યાખ્યાન, સેમિનાર તેમજ ડિજિટલ માધ્યમ દ્વારા સતર્કતાના સંદેશોનું પ્રસારણ કરવામાં આવશે.

કાર્યક્રમનો મુખ્ય હેતુ દરેક નાગરિક અને કર્મચારીમાં આ ભાવના જગાવવાનો છે કે સતર્કતા માત્ર એક વિભાગની નહીં પરંતુ આપણી સૌની સંયુક્ત જવાબદારી છે.

# મંડળ કાર્યાલય અને ભાવનગર ટર્મિનસ વર્કશોપ (C&W) ખાતે મહિલા કર્મચારીઓ માટે સેનેટરી પેડ વેન્ડિંગ મશીનની સ્થાપના





મહિલા રેલવે કર્મચારીઓના આરોગ્ય, સ્વચ્છતા અને સુવિધાને પ્રાથમિકતા આપતા ભાવનગર મંડળમાં એક મહત્વપૂર્ણ પગલા રૂપે, કર્મચારી હિત નિધિ (Staff Benefit Fund)ના સૌજન્યથી મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ મંડળ કાર્યાલય, ભાવનગર પરા ખાતેના મહિલા કક્ષમાં અને ભાવનગર ટર્મિનસ વર્કશોપ (C&W) ખાતે સેનેટરી પેડ વેન્ડિંગ મશીન સ્થાપિત કરવામાં આવ્યું છે. આ પહેલ મહિલા કર્મચારીઓ માટે કાર્યસ્થળે સ્વચ્છતા સુવિધાઓને મજબૂત બનાવવા માટે મંડળ પ્રશાસનની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. ૨૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ મંડળ કાર્યાલય, ભાવનગર પરા ખાતેના મહિલા કક્ષમાં આ મશીનનું શુભારંભ અને અર્પણ અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાઁશુ શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી હુબલાલ જગન, સ્થાનિક કર્મચારી હિત નિધિના સભ્ય શ્રી એસ. કે. શ્રીવાસ્તવ સહિત મોટી સંખ્યામાં મહિલા અને પુરુષ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભાવનગર ટર્મિનસ વર્કશોપ (C&W) ખાતે સેનેટરી પેડ વેન્ડિંગ મશીનની સ્થાપનાનું શુભારંભ અને અર્પણ ૨૬ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી હુબલાલ જગન દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સહાયક મંડળ યાંત્રિક ઈજનેર શ્રી વિજય ભટ્ટ, સહાયક મંડળ કાર્મિક અધિકારી શ્રી સંતોષ કુમાર વર્મા, સ્થાનિક કર્મચારી હિત નિધિના સભ્ય શ્રી એસ. કે. શ્રીવાસ્તવ તેમજ મોટી સંખ્યામાં મહિલા અને પુરુષ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આગામી સમયમાં આ સેનેટરી પેડ વેન્ડિંગ મશીનની સ્થાપના રેલવે હોસ્પિટલ, ભાવનગર પરા અને C&W વર્કશોપ, પોરબંદર ખાતે પણ વહેલી તકે કરવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારીએ મહિલા સશક્તિકરણને પ્રોત્સાહિત કરતાં વરિષ્ઠતમ મહિલા કર્મચારી દ્વારા રિબન કટાવીને ઉદઘાટન કરાવ્યું. આ gesture દ્વારા તેમણે મહિલાઓ પ્રત્યે આદર, સમાન તક અને કાર્યસ્થળ પર તેમની ગૌરવપૂર્ણ ભૂમિકા માટે પ્રતિબદ્ધતાનો સંદેશ આપ્યો. સેનેટરી પેડ વેન્ડિંગ મશીનની સ્થાપના માત્ર મહિલા કર્મચારીઓને જરૂરી સુવિધા પૂરી પાડશે અને તેમને પોતાના આરોગ્ય પ્રત્યે વધુ જાગૃત બનવા માટે પણ પ્રેરિત કરશે. આવી મશીનોની ઉપલબ્ધતાથી કાર્યસ્થળ પર સ્વચ્છતા અને આરામની લાગણીમાં વધારો થશે, જે કાર્યક્ષમતા પર પણ સકારાત્મક અસર કરશે. વર્કશોપના સુપરવાઈઝર અને કર્મચારીઓએ આ પહેલની પ્રશંસા કરતા જણાવ્યું કે આ પગલું મહિલા સહકર્મચારીઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યું છે. ઉપસ્થિત મહિલા કર્મચારીઓએ સ્થાનિક કર્મચારી હિત નિધિ અને મંડળ પ્રશાસન પ્રત્યે હાર્દિક આભાર વ્યક્ત કર્યો અને આ પહેલને “મહિલા આરોગ્ય અને સશક્તિકરણ” દિશામાં એક પ્રગતિશીલ પ્રયાસ ગણાવ્યો. ભાવનગર મંડળ પ્રશાસનનું આ પગલું રેલવે પરિવારમાં મહિલા કર્મચારીઓના કલ્યાણ પ્રત્યેની સંવેદનશીલ દ્રષ્ટિ અને આધુનિક વિચારધારાનું પ્રતિબિંબ છે.

સુનિલ ગાવસ્કરની BCCIને સલાહ

# વર્લ્ડકપ ૨૦૨૭ની ટીમમાં અત્યારથી લખી નાંખો રોહિત અને વિરાટનું નામ

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ



વર્તમાન ક્રિકેટ કોમેન્ટેટર અને પૂર્વ ભારતીય ક્રિકેટર સુનીલ ગાવસ્કરે BCCIને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, અત્યારથી જ વર્લ્ડ કપ ૨૦૨૭ ટીમમાં રોહિત શર્મા અને વિરાટ કોહલીનું નામ લખી દો. ગાવસ્કરે કહ્યું છે કે, જો તેઓ વર્લ્ડ કપ ૨૦૨૭ માટે ઉપલબ્ધ હોય, તો તેમને સીધી ટીમમાં એન્ટ્રી મળવી જોઈએ. ઓસ્ટ્રેલિયામાં, રોહિત શર્માએ અડધી સદી પછી સદી ફટકારી અને પ્લેયર ઑફ ધ મેચ તેમજ પ્લેયર ઑફ ધ સિરીઝ તરીકે પસંદ કરવામાં આવ્યા, જ્યારે વિરાટ કોહલીએ સતત બે મેચમાં શૂન્ય રન પર આઉટ થયા બાદ ૭૪ રનની અણનમ ઈનિંગ રમી હતી.

સુનીલ ગાવસ્કરે સિડનીમાં ત્રીજી વનડેમાં ભારતની જીત બાદ મીડિયા સાથે વાત કરતાં કહ્યું કે, બંનેએ દબાણથી ભરેલી મેચમાં પોતાની ક્લાસ અને નિર્ણય લેવાની ક્ષમતા બતાવી છે. જે ક્ષણે તેને આ પ્રવાસ માટે ઉપલબ્ધ કરાવ્યો, તે સ્પષ્ટ થઈ ગયું કે, તે ૨૦૨૭ વર્લ્ડ કપ માટે ત્યાં રહેવા માંગે છે. આગળ ગમે તે થાય, તે રન બનાવે કે ન બનાવે, તેની પાસે રહેલી ક્ષમતા અને અનુભવ સાથે જો તે ઉપલબ્ધ હોય, તો તેની ટીમમાં હોવાની ખાતરી કરો." આ ઉપરાંત તેમણે ભારપૂર્વક એમ પણ કહ્યું કે, આ પ્રકારના ફોર્મ સાથે તમે તેનું નામ સીધું દક્ષિણ આફ્રિકા ૨૦૨૭ વર્લ્ડ કપ ટીમમાં લખી શકો છો. રોહિત શર્માએ પર્થ મેચમાં ૮ રન બનાવ્યા હતા, જ્યારે વિરાટ કોહલી પોતાનું ખાતું ખોલવામાં નિષ્ફળ ગયો હતો. એ પછી એવું કહેવામાં આવ્યું હતું કે, રોહિત અને વિરાટનું કરિયર સમાપ્ત થઈ ગઈ છે, પરંતુ રોહિત શર્માએ એડિલેડમાં બતાવ્યું કે, તે સક્ષમ છે, અને પછી સિડનીમાં રોહિત અને વિરાટની અતૂટ ભાગીદારી જોવા મળી, જેથી ભારતને એકતરફી રીતે મેચ જીતવામાં મદદ મળી. રોહિત અને વિરાટે નવા કેપ્ટન શુભમન ગિલને મેદાન પર ઈનપુટ્સ પણ આપ્યા.

# વડોદરા ડિવિઝનના ૪૧ રેલવે કર્મચારીઓને ડીઆરએમ એવોર્ડ મળ્યો



પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝનના મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેએ ડિવિઝનના ૪૧રેલવે કર્મચારીઓને સુરક્ષિત ટ્રેન પરિચાલનમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માનિત કર્યા હતા.

આ કર્મચારીઓ એ ફરજ દરમિયાન તેમની સજાગતા અને સતર્કતાને કારણે અનિચ્છનીય ઘટનાઓને રોકવામાં તેમના યોગદાન માટે પ્રમાણપત્રો અને મેડલ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. વડોદરા ડિવિઝનના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, મંડળ રેલ પ્રબંધક શ્રી ભડકેએ એવોર્ડ વિજેતા કર્મચારીઓની સતર્કતાની પ્રશંસા કરતા કહ્યું કે આ બધા કર્મચારીઓ તેમના કાર્ય પ્રત્યે સમર્પિત રહીને અન્ય લોકો માટે પ્રેરણારૂપ બન્યા છે. આ કર્મચારીઓએ વેગનમાંથી ધુમાડો નીકળતો જોવા, બ્રેક બાઈન્ડિંગ, તૂટેલા બોલ્સ્ટર સ્પ્રિંગ, તાત્કાલિક તેમના ઉપરી અધિકારીઓને જાણ કરવા, પાટા નજીક આગ ઓલવવા, માનવ જીવન બચાવવા વગેરે જેવા સલામતીના વિવિધ ક્ષેત્રોમાં સક્રિયપણે યોગદાન આપીને સલામત ટ્રેન સંચાલન સુનિશ્ચિત કરવા માટે તેમના અદમ્ય ઉત્સાહ અને પ્રતિબદ્ધતા દર્શાવી.

પશ્ચિમ રેલવે ના વડોદરા મંડળને આ તમામ કર્મચારીઓ પર ગર્વ છે, જેમણે પોતાની ત્વરિત કાર્યવાહી અને સતર્કતાથી કોઈપણ અપ્રિય ઘટનાની સંભાવનાને સમયસર રોકવામાં મદદ કરી

રોકાણ માટે લોભામણી અનેક સ્કીમો બહાર પાડવામાં આવી હતી

# જામનગર શહેરમાં વધુ એક છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો

## એક ખાનગી કંપનીએ ઊંચું વળતર આપવાના સપના દેખાડી કરોડો રૂપિયા રોકાણકારો પાસેથી ખંખેરી લીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર શહેરમાં ખાનગી કંપનીએ રોકાણ કરી વધુ નફો મેળવવાની લાલચ આપીને કરોડો રૂપિયા જામનગર શહેર જિલ્લાના અનેક રોકાણકારો પાસેથી મેળવી લીધા બાદ પાકતી મુદતે નાણાં નહીં આપી છેતરપિંડી કરી હોવાથી એજન્ટ સહિતના અનેક રોકાણકારો રસ્તા પર ઉતર્યા છે, અને તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી રહી છે.

જામનગર શહેરના પંચેશ્વર ટાવર પાસે આવેલી યૂનીક મર્કેન્ટાઈલ નામની કંપની દ્વારા રોકાણ માટે લોભામણી અનેક સ્કીમો બહાર પાડવામાં આવી હતી. જે કંપનીમાં એજન્ટો મારફત શહેરભરમાં જુદા જુદા વિસ્તારોના મોટી સંખ્યામા લોકોએ પોતાની બચતમાંથી રોકાણ કર્યું હતું.પરંતુ પાકતી મુદતે રોકાણકારોને પૈસા પરત આપવામાં આવ્યા ન હતા. જેથી અગાઉ પણ રોકાણકારોના દેકારાના કારણે કંપનીના અધિકારીઓએ પૈસા આપી દેવાની ખાતરી આપી હતી. જેથી મામલો થાળે પડયો હતો.

પરંતુ તેને બે થી ત્રણ વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં રોકાણકારોને પૈસા પરત મળ્યા નથી. જેથી રોકાણકારોએ એકઠા થઈને ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી. અને પોલીસમાં ગુનો નોંધાવવા તજવીજ હાથ ધરવામાં આવી રહી છે. જેથી પોલીસે પણ આ અંગે ઉડાણ પૂર્વકની તપાસ હાથ ધરીને ગુનો નોંધવાની કાર્યવાહી આરંભી છે. જે કંપની દ્વારા કરોડોનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનિય છે કે યુનિક કંપનીના સંચાલકો સામેં અમદાવાદ સહિત અન્ય શહેરોમાં પોલીસ ફરિયાદ નોંધાઈ ચુકી છે જેથી જામનગરમાં પણ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવે, તેવી એજન્ટો અને રોકાણકારો તંત્ર સમક્ષ માગણી કરી રહ્યા છે.

# ઝડપી ન્યાય માટે ઓનલાઈન સમન્સ : રાજયમાં ૫૦ ટકા થી વધુ સમન્સની ઓનલાઈન બજવણી

## ૫૦ ટકા થી વધુ ઈ-મેઈલ વોટસએપ દ્વારા, કોર્ટથી સીધી ડીઝીટલ બજવણી : ઝડપી ન્યાય માટે ઓનલાઈન સમન્સ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા સહિત ન્યાય મળવામાં વિલંબ ન થાય તે માટે ઓનલાઈન ક્રાંતિ લાવવા માટે નવા પગલાઓ ભરવામાં આવી રહ્યા છે. આ અંગે રાજયના પોલીસવડા વિકાસ સહાયે જણાવ્યુ હતુ કે મેન્યુઅલી સમન્સ બજાવવામાં ખુબ જ લાંબી પ્રક્રિયાને અનુસરવી પડતી હોવાને કારણે સમયનો ખુબ જ વેડફાટ થતો હોય છે. પરંતુ હવે આ સમય બચાવવા માટે ઓનલાઈન સમન્સ બજાવવાની કામગીરી શરૂ કરી છે.

ગુજરાતમાં ન્યાયીક પ્રક્રિયાઓને વધુ ઝડપી અને પારદર્શક બનાવવા માટે સમન્સની બજવણી ઓનલાઈન પ્લેટફોર્મ પર સ્થાનાંતરીત થઈ ગઈ છે. રાજયમાં ૫૦ ટકા થી વધુ સમન્સ હવે ઈ-મેઈલ અને વોટસએપ જેવા ડીઝીટલ માધ્યમો દ્વારા મોકલાય છે. જે પરંપરાગત કાગદી પ્રક્રિયાને બદલીને સમય અને ખર્ચ બચાવે છે. આગામી દિવસોમાં કોર્ટ થી સીધી જ ઓનલાઈન સમન્સ ની બજવણી શરૂ થશે. જે ન્યાયીક વ્યવસ્થાને વધુ કાર્યક્ષમ બનાવશે. આ પહેલ ગુજરાત હાઈકોર્ટ અને રાજય સરકારના ઈ-ગવર્નન્સ અભિયાનનો ભાગ છે. જે નાગરીકોને ઘર બેઠા થી કાનુની પ્રક્રિયાઓમાં જોડાવવાની સુવિધા આપે છે. રાજયના ૩૩ જિલ્લાઓમાંથી ૫૦ ટકા થી વધુ સમન્સ (સમન્સ, નોટીસ, કોર્ટ ઓર્ડર) હવે ઈ-મેઈલ અને વોટસએપ દ્વારા મોકલાય છે. આ પહેલથી ન્યાયીક કાર્યવાહી ૩૦ ટકા વધુ ઝડપી થઈ છે. આગામી દિવસોમાં હાઈકોર્ટ અને જિલ્લા કોર્ટસમાંથી સીધી ઓનલાઈન પોર્ટલ (ઈ-કોર્ટસ પ્લેટ ફોર્મ ) દ્વારા સમન્સ મોકલાશે. આ માટે NJDG ( NATIONAL JUDICIAL DATA GRID) સાથે ઈન્ટીગ્રેશન કરાયુ છે. ઝડપી બજવણીથી કેસોની બાકી ૨૦ ટકા ઘટશે અને નાગરીકોને કોર્ટ જવાની જરૂર નહી રહે, આ પહેલ ગુજરાતને ડીઝીટલ ન્યાયીક રાજય તરીકે આગળ લઈ જશે, ગુજરાતમાં ઈ-કોર્ટસ પ્રોજેકટ હેઠળ ૨૦૨૫ માં ૭૦ ટકા થી વધુ કેસો ડીઝીટલીઝડ થયા છે. આ ઓનલાઈન સમન્સ પહેલ તેનો વિસ્તાર છે. આગામી વરસે ૯૦ ટકા સમન્સ ઓનલાઈન થશે. જે ન્યાયીક વિલંબને ઘટાડશે. આ પગલુ કોવીડ પછીના ડીઝીટલ ટ્રાન્સફોર્મેશનનો ભાગ છે અને નાગરીકોને વધુ સુલભતા આપશે.

# આજે ખોડલધામમાં કોંગ્રેસ ધજા ચડાવીને ચુંટણી પ્રચારના કરશે શ્રીગણેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગમે તે ચુંટણી હોય પરંતુ તેમાં પાટીદાર ફેકટર હંમેશા મજબુત રહેતુ હોય છે. ઉત્તર ગુજરાતથી લઈને કચ્છ સુધી પાટીદાર સમાજની મોટી વસતી છે તેથી દરેક પક્ષ આ સમુદાયને રીઝવવા માંગતો હોય છે. જેની વોટબેંક મજબુત હોય છે. ભાજપ પાસે પાટીદાર મુખ્યમંત્રી છે તો બીજી તરફ આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલીયાએ પાટીદાર ધારાસભ્ય બનીને મોટી છલાંગ લાગવી છે. ત્યારે હવે કોંગ્રેસ પણ એકટીવ થઈ ગયુ છે. વિસાવદર વિધાનસભાની પેટા ચુંટણીમાં આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલીયાની જીત થયા બાદ આમ આદમી પાર્ટી સક્રિય થઈ ગઈ છે. તો બીજી તરફ કોંગ્રેસ હવે ખોડલધામ પહોચવાની છે. સ્થાનિક સ્વરાજયની ચુંટણી પ્રચારનો કોંગ્રેસ દ્વારા ધમધમાટ શરૂ કરી દેવાયો છે. જેના શ્રીગણેશ કોંગ્રેસ સૌરાષ્ટ્રના પાટીદારોના ગઢ ખોડલધામથી કરશે. આજે ખોડલધામ ખાતે ધજા ચડાવી કોંગ્રેસ પ્રચારના શ્રીગણેશ કરશે. મુકુલ વાસનિક, અમિત ચાવડા, સૌરાષ્ટ્રમાં જશે. આજે મોરબીમાં આગેવાનો સાથે બેઠક અને જન આક્રોશ સભાનુ આયોજન કરાયુ છે. વિક્રમ સંવત ૨૦૮૨ ના પ્રારંભે નવા વરસમાં માં ખોડલના ચરણોમાં શીશ ઝુકાવી સૌ ગુજરાતીઓના કલ્યાણર્થે ખોડલધામ, કાગવડ ખાતે ગુજરાત કોગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા તથા કોંગ્રેસ પક્ષના વરીષ્ઠ આગેવાનોની હાજરીમાં આજે તા. ૨૮ ઓકટોબર ના રોજ સવારે ૧૦ કલાકે ધ્વજા રોહણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. માં ખોડલના આશીર્વાદ લેવા અને ધ્વજા રોહણના પવિત્ર અવસરમાં




જોડાવવા માટે ગુજરાત કોંગ્રેસ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.

દરેક પક્ષ ચુંટણી આવે એટલે ટેમ્પલ પોલીટીકસ પર ભાર મુકતુ હોય છે. આવામાં ખોડલધામ એ સૌરાષ્ટ્રભરના પાટીદાર સમાજનુ આસ્થાનુ કેન્દ્ર છે. તેથી કોંગ્રેસ ખોડલધામથી ચુંટણી પ્રચારના શ્રીગણેશ કરશે. આમ આદમી પાર્ટી મજબુત પાટીદાર નેતા તરીકે ગોપાલ ઈટાલીયા છે. જેઓ અત્યાર થી સૌરાષ્ટ્રમાં આમ આદમી પાર્ટીનુ ગઢ મજબુત બનાવી રહ્યા છે. આવામાં કોંગ્રેસ પણ એકટીવ બની ગઈ છે.

# અલ્પેશ ઠાકોરની ચીમકીઃ એક આ લાભ પાંચમ છે, એક આવતી લાભ પાંચમ છે

પ્રતિનિધિ,ગાંધીનગર



અલ્પેશ ઠાકોરને મંત્રી મંડળમાં સ્થાન ન મળતા તેમણે હવે ખોખાંરવાનુ શરૂ કર્યુ છે. મંત્રી મંડળના વિસ્તરણ પહેલા તેમણે ગાંધીનગરમાં ઠાકોર સેનાની બેઠક બોલાવીને પોતાની તાકાત બતાવવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ મોવડી મંડળે તેમને લક્ષમાં લીધા નથી. આના પગલે તેમને લાગવા માંડયુ છે કે હવે સક્રિયતા દર્શાવવી પડશે. ભાજપ અને કોંગ્રેસના નેતાઓ પણ એક સાથે ઠાકોર સમાજના સ્નેહમીલન સમારંભમાં જોવા મળ્યા હતા. અલ્પેશ ઠાકોરે કોંગ્રેસના જ ગેનીબેન સાથે ગુફતેગુ કર્યુ હતું. બંને વચ્ચેની વાતચીતનુ તાદાત્મય આગામી દિવસોમાં કંઈક અલગ જ પ્રકારની રાજકીય નવા જુની થશે તેવા સંકેતો આપી રહી છે. તેમાં પણ અલ્પેશ ઠાકોરે જણાવ્યુ હતુ કે એક આ લાભ પાંચમ છે અને એક આગામી લાભ પાંચમ છે. આગામી લાભ પાંચમ સુધી જો જો, બનાસકાંઠાની ધરતી પરથી શરૂ થયેલો નવજુવાળ આખા ગુજરાતમાં પ્રસરશે. આટલે થી પણ ન અટકતા અલ્પેશ ઠાકોરે સમાજના આગેવાનોની આગામી બેઠક ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ રાત્રે ૩ વાગે બોલાવી છે. તેમણે જણાવ્યુ હતુ કે આપણા સમાજે જાગવાની જરૂર છે. આ સમાજને જગાડવા માટે જ ૨૬ મી જાન્યુઆરીના રોજ રાત્રે ૩ વાગે બેઠક બોલાવી છે.

આ આખો ઘટનાક્રમ બતાવે છે કે અલ્પેશ ઠાકોરે મંત્રી મંડળમાં સ્થાન ન મળવાના કારણે નવાજુની કરવાનુ મન બનાવી લીધુ લાગે છે. તે કમસેકમ પક્ષને પોતાની ક્ષમતાનો અને તાકાતનો અહેસાસ કરાવવા માંગે છે. તેમણે ઠાકોર સમાજને ટકોરો મારતા જણાવ્યુ હતુ કે સંગઠીત થાવ, સંગઠનની તાકાત ઓળખો, વિભાજીત રહેશો તો તાકાત પણ વિભાજીત થઈ જશે. આના પગલે આગામી દિવસોમાં ઠાકોર સેનામાં મોટા પાયા પર ભરતી મેળો પણ શરૂ થશે. આ ઉપરાંત આગામી દિવસોમાં ઠાકોર સેના મોટા પાયા પર સામાજિક કાર્યક્રમોનુ પણ આયોજન કરવા જઈ રહી છે. ઠાકોર સમાજના સંમેલનમાં કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોર સાથેની ગુફતેગુ ગુજરાતના રાજકારણને કોઈ નવી દિશા આપશે તો આશ્ચર્ય નહી થાય, આમ હાલમાં તો એમ જ માનવામાં આવે છે કે અનામત આંદોલનના બંને ચહેરા હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોરને ભાજપના મોવડી મંડળે માપમાં રાખ્યા છે. તેઓને હજુ સુધી પક્ષમાં કે સરકારમાં બંનેમાં કોઈ મોટુ પદ આપવામાં આવ્યુ નથી. જેના કારણે બંને ધમપછાડા કરી રહ્યા છે. પણ હાલમાં પક્ષનુ મોવડી મંડળ તેમના આગ્રહ સામે કોઈ મચક આપી રહ્યુ નથી. તેથી તેમનુ ઘુંધવાટો પણ વધી રહ્યો છે. અલ્પેશ ઠાકોર સમજી ગયા છે કે ઉત્તર ગુજરાતના રાજકારણમાં પોતાનુ કદ ઉંચુ લાવવુ પડશે જો કદ વધારવામાં નહી આવે તો આ તો ભાજપ છે કદ પ્રમાણે તેમને વેતરી નાખવામાં પણ વાર નહી લગાડે, તે અગાઉ પણ આવુ કરી ચુકયો છે. સત્તાધારી પક્ષના જાણીતા આગેવાનો આ રીતે કદ પ્રમાણે વેતરાઈ ચુકયા છે અને તે શોધે જડતા નથી. આવા ઘણા ઉદાહરણો છે. આના પગલે અલ્પેશ ઠાકોર સમજી ગયા છે કે તેમને માટે મંત્રી પદ કે પક્ષમાં બીજો કોઈ હોદ્દો તે લટકતુ ગાજર કે લોલીપોપ જ છે. તેમને એક રીતે પક્ષમાં તેમનુ સ્થાન બતાવી દેવાયુ છે. તેઓ જો પોતાનુ કદ વધારવામાં નિષ્ફળ ગયા તો હાલમાં જે પણ છે તે પણ ટકાવવુ અઘરૂ પડી જશે. તેથી જ તેમણે પોતાના જુના સાથીઓ સાથે સંપર્ક સાધવા માંડયો છે. કોંગ્રેસના તેમના મિત્રોની જોડેનો સંપર્ક ગાઢ બનાવવા માંડયો છે. સામાજિક સક્રિયતામાં પણ વધારો કરવા માંડયો છે. ઠાકોર સમાજના સંમેલનમાં ગેનીબેને પણ અલ્પેશ ઠાકોરે ક્ષત્રીય સમાજ માટે કરેલા કાર્યોની પ્રશંસા કરી હતી. આ વાત ઘણી સુચક માનવામાં આવે છે. કોંગ્રેસનો કોઈ આગેવાન ભાજપના નેતાની પ્રશંસા કરે ત્યારે લોકોએ સમજી જવાનુ હોય છે કે કોણ કયાં જવાની તૈયારી કરી રહ્યુ છે. વળી અલ્પેશ ઠાકોરનુ મુળ ગોત્ર તો પાછુ કોંગ્રેસનુ જ છે. આજે પણ કોંગ્રેસમાં તેમના ઘણા મિત્રો છે. તેથી હવે તે કદાચ યોગ્ય સમયની રાહ જોઈ રહ્યા હોવાનુ તેઓ માને છે.

# ગુજરાત ભાજપ સંગઠનમાં નજીકના દિવસોમાં થશે જડમુડ ફેરફારો : પ્રદેશ મહામંત્રીઓમાં થનારા ફેરફારો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપના સંગઠન માળખામાં મોટા ફેરફારોના સંકેતો દેખાઈ રહ્યા છે. હેમખેમ દિવાળીનો તહેવાર પુરો થયા બાદ આગામી દિવસોમાં પ્રદેશના સંગઠનમાં નિમણુંકોનો નવો દોર શરૂ થશે. જેમાં નોધપાત્ર પરીવર્તનો જોવા મળી શકે છે. પ્રદેશ માળખાની વર્તમાન તૈયારીઓ અને સમીકરણો સુચવે છે કે અનેક દિગ્ગજ નેતાઓને મહત્વના હોદ્દાઓ સોંપાઈ શકે છે.




સંભવિત નામોમાં સાંસદ ધવલ પટેલ અને પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરા તેમજ પૂર્વ સાંસદ રંજનબેન ભટ્ટને મહામંત્રી બનાવવામાં આવી શકે છે. આ ઉપરાંત પ્રદિપસિંહ વાઘેલા અને હિતેન્દ્ર પટેલને પણ મહામંત્રી અથવા ઉપાધ્યક્ષ જેવા મહત્વના સ્થાનો મળી શકે છે, યુવા નેતાઓમાં ધવલ દવે અને ઋત્વીક પટેલ ને પણ ગુજરાત ભાજપના સંગઠનમાં મહત્વનુ સ્થાન આપવાનો લગભગ નિશ્ચિત મનાય છે. સંગઠનમાં અનુભવી ચહેરા તરીકે જયેશ રાદડીયા અને ભરત બોઘરાને પણ મહત્વના હોદ્દાઓ પર નિયુકત કરવામાં આવી શકે છે. નવા માળખામાં યુવાનો અને અનુભવી નેતાઓનુ યોગ્ય સંતુલન જાળવવાનો પ્રયાસ જોવા મળશે. તાજેતરમાં ગુજરાત રાજયના મંત્રી મંડળમાં થયેલા મોટા ફેરફાર બાદ હવે ૨૦ જિલ્લાઓના પ્રભારી મંત્રીઓ બદલવાની કવાયત હાથ ધરવામાં આવી છે. રાજયના વહિવટને સુવ્યવસ્થિત કરવા માટે જિલ્લા પ્રભારી મંત્રીઓના મામલે પણ નવી નીતી અમલમાં મુકાઈ રહી છે.

અગાઉના ૧૬ મંત્રીઓમાંથી ૧૦ જુના મંત્રીઓને નવા મંત્રી મંડળમાં સ્થાન મળતા તેમના હસ્તકના ૨૦ જિલ્લાઓમાં નવે સરથી પ્રભારી મંત્રીઓની નિમણુંક કરવી પડશે. નવા મંત્રી મંડળમાં મંત્રીઓની સંખ્યામાં વધારો થતા પ્રભારી મંત્રીઓની વહેંચણીની નીતી માં પણ ફેરફાર કરાશે. માત્ર ૮ મંત્રીઓને જ બે જિલ્લાનો પ્રભાર સોંપવામાં આવશે. આ નીતીનો મુખ્ય હેતુ એ છે કે જે મંત્રીઓ પાસે વધુ અને મહત્વના વિભાગોની જવાબદારી છે તેમને માત્ર એક એક જિલ્લાનો પ્રભાર સોંપાય જેથી વહિવટી કાર્યભાર સંતુલીત રહે અને જિલ્લાઓના વિકાસ કાર્યો પર વધુ ધ્યાન કેન્દ્રીત કરી શકાય. મંત્રી મંડળમાંથી પડતા મુકાયેલા પૂર્વ મંત્રીઓના સ્થાને કુલ ૨૦ જિલ્લામાં નવા પ્રભારી મંત્રીઓ નિયુકત થશે. આ જિલ્લાઓમાં અરવલ્લી, મહિસાગર, બનાસકાંઠા, સાબરકાંઠા, બોટાદ, ભરૂચ, ભાવનગર, દાહોદ, પંચમહાલ, ડાંગ, રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, જુનાગઢ, પાટણ, નર્મદા, છોટા ઉદેપુર, તાપી અને વલસાડ જિલ્લાનો સમાવેશ થાય છે.

# મંત્રી ઋષીકેશ પટેલ, મંત્રી જીતુ વાઘાણી, મંત્રી પ્રદ્યુમન વાજા, મંત્રી પ્રફુલ પાનસેરીયા સહિતના મંત્રીઓએ વિભાગના અધિકારીઓને બોલાવી તાલીમ લેવાનુ કર્યુ શરૂ









પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સરકારના મંત્રી મંડળ વિસ્તરણ બાદ મોટા ભાગના મંત્રીઓને અલગ અલગ ખાતાઓની ફાળવણી કરવામાં આવી છે. મંત્રીઓને વિભાગની જાણકારી મેળવવામાં પુરતો સમયગાળો મળવાનો નથી.

સોમવારે મોટાભાગના મંત્રીઓ જેમાં આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયા, પંચાયત મંત્રી ઋષીકેશ પટેલ, કૃષિ મંત્રી જીતુ વાઘાણી, શિક્ષણમંત્રી પ્રદ્યુમન વાજા સહિતના મોટા ભાગના મંત્રીઓએ મત વિસ્તારના તેમજ શુભેચ્છકોને મળવાનુ ટાળી વિભાગના અધિકારીઓને પોતાની ચેમ્બરોમાં બોલાવી તાલીમ લેવાનુ શરૂ કરતા મોટાભાગના મંત્રીઓ શુભેચ્છકોને મળી શકયા ન હતા તો બીજી તરફ મંત્રી સ્વરૂપજી ઠાકોર પોતાના મત વિસ્તાર માં વ્યસ્ત હોવાને કારણે શુભેચ્છકોને મળી શકય ન હતા તો બીજી તરફ મંત્રી ઈશ્વરભાઈ પટેલ, મંત્રી કાંતી અમૃતીયા વહેલા આવી પોત પોતાના મતવિસ્તારના કાર્યક્રમોમાં વ્યસ્ત રહેવા માટે ચાલ્યા જતા મુલાકાતીઓને મળી શકયા ન હતા, નવનિયુકત મંત્રીઓ પાસે માત્ર એકાદ વરસનો સમયગાળો મળવાનો છે અને તેમાંય સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ જાહેર થાય તો આચાર સંહિતા લાગી શકે છે. જેમાં મોટાભાગના મંત્રીઓને પ્રચારમાં વ્યસ્ત રહેવાની જવાબદારી ને લઈ હવે મંત્રીઓએ વહેલી તકે વિભાગની જાણકારી મેળવવી પડશે. મંત્રી કૌશિક વેકરીયાએ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં કહ્યુ હતુ કે મારા માટે વિભાગની જાણકારી મેળવવા માટે સમય બરાબર છે. આમ કેટલાક મંત્રીઓને વિભાગની જાણકારી મેળવવામાં બહુ સમય લાગી શકે તેમ નથી.

# રાજયમાં હાઈકોર્ટ, સચિવાલય, વિધાનસભા સહિત જે પણ ઈમારત ભવનો બન્યા છે તેના પાયામાં દાહોદના લોકોનો પરસેવો છે : ચૈતર વસાવા

પ્રતિનિધિ,ગાંધીનગર

આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા દાહોદના લીંમડી ગામે ગુજરાત જોડો જન સભામાં ઉપસ્થિત રહ્યા હતા. ચૈતર વસાવાની આગેવાનીમાં ભાજપ અને કોંગ્રેસમાંથી હજારો યુવાનો, વડીલો સ્વયંભુ આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા.



ચૈતર વસાવાએ જનસભા સંબોધતા કહ્યુ હતુ કે દાહોદ માં મને બધાનો પ્રેમ મળી રહ્યો છે. તે મને વારંવાર અહીં ખેંચી લાવે છે. આજે વરસાદ હોવા છતાં પણ અહીંયા હજારોની સંખ્યામાં જનમેદની ભેગી થઈ છે હું તમામ લોકોનો આભારવ્યકત કરૂ છું. હાઈકોર્ટની ઈમારત હોય, સચિવાલયની ઈમારત હોય, વિધાનસભાની ઈમારત હોય, જે પણ ઈમારત / ભવનો બન્યા છે તેના પાયામાં દાહોદના લોકોનો પરસેવો છે. મને આનંદ છે કે હું દાહોદની પ્રજાની વચ્ચે છું. જેની સંઘર્ષની વાતો થાય છે, સાહસની વાતો થાય છે અને મહેનતથી વાતો થાય છે, ગુજરાતના વિકાસમાં દાહોદની પ્રજાનો પરસેવો છે, એટલા માટે જ ગુજરાત આજે વિકાસના પંથે આગળ વધી રહ્યુ છે. આઝાદીના ૭૮ વરસ થઈ ગયા છે. દિવાળી પહેલા ભાજપે વિકાસ સપ્તાહની ઉજવણી કરી હતી. જેમાં તેઓ ગામડે ગામડે પોતાના વિકાસનો રથ લઈને પહોચતા હતા અને વિકાસની ગાથા સંભળાવતા હતા, વિકાસની મોટી મોટી વાતો કરતા હતા. ત્યારે આજે વિકાસ મહોત્સવ ચાલે છે.

એક તરફ ૭૮ વરસનો અમૃત મહોત્સવ ચાલે છે. છતાં આજે દાહોદ હોય કે નર્મદા જિલ્લો હોય ગુજરાતના અને દેશના અતિ પછાત જિલ્લામાં દાહોદ અને નર્મદાનુ નામ આવે છે, આઝાદીના ૭૮ વરસ થઈ ગયા છે. રાજયના વિકાસ માટે દાહોદની પ્રજાએ પરસેવો પાડયો છે. તેવી જ રીતે નર્મદાના, છોટા ઉદેપુરના, પંચમહાલના, મધ્યપ્રદેશના, મહારાષ્ટ્રના, લોકોએ નર્મદા ડેમ માટે પોતાની જમીન આપી દીધી, આ વિસ્તારમાં નવા પ્રોજેકટ આવે એટલે જમીન લઈ લેવામાં આવે છે. કોરીડોરના નામે, સ્ટેચ્યુ ઓફ યુનિટીના નામે, જીએમડીસીના નામે, જીઆઈડીસીના નામે મારા આદિવાસી ખેડુતોની જમીનો સંમતિ વગર લઈ લેવામાં આવે છે. ગ્રામસભાની સંમતિ પણ નથી લેવામાં આવતી અને બારોબાર જમીનો લઈ લેવામાં આવે છે. આજે આખા દેશમાં ૪૦ લાખ થી પણ વધારે આદિવાસીઓ વિસ્થાપિત થયા છે. દાહોદ આટલો મોટો જિલ્લો છે. જેના લોકોએ દેશના વિકાસ માટે આટલુ મોટુ યોગદાન આપ્યુ છે. દિવાળી પુરી થતા દાહોદના લોકો મજુરી કરવા જતા રહેશે.

ગાંધીનગર , વડોદરા, સુરત અને ભરૂચ બધી જ જગ્યાએ અમને આ આદિવાસીઓ મળે છે અને અમને કહે છે કે પેટનો ખાડો પુરવાની મજબુરી અમને અહીં મજુરી કરવા લઈ આવે છે. અમે ગુજરાત સરકારને કહીએ છીએ કે તમે અમૃત મહોત્સવ પાછળ અબજો રૂપીયાનો ખર્ચો કરો છો, વિકાસ સપ્તાહ પાછળ કરોડો રૂપીયાનો ખર્ચ કર્યો છે, મનરેગામાં બિનકુશળ શ્રમિકોને રોજગારી આપવાની વાત હતી, આજે અમારા આદિવાસી વિસ્તારમાં રોજગારી નહી હોવાથી અમારી બહેન દિકરીઓ શહેરોમાં જાય છે, ત્યારે ત્યાં એમનુ શોષણ થાય છે. તેમની સાથે અન્યાય થાય છે, તેમના પર બળાત્કાર થાય છે, આ મજબુરી આ પરીસ્થિતિ ઉભી કરનાર ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. એમને આવનારા દિવસોમાં ઉખાડીને ફેંકી દઈશુ.

મનરેગામાં એક તરફ અમે રોજગારી માગી અને મંત્રીઓના છોકરાઓએ રોજગારીના કરોડો રૂપીયા પોતાના ખાતામાં સેરવી લીધા, એક તરફ માતા બહેનો પાણી માટે તરસે છે જયારે તેમના સાંસદો, ધારાસભ્યો નલ સે જલ યોજનાના નામે કરોડો રૂપીયાના કૌભાંડો કરે છે. દાહોદમાં જે મુળ માલીકોની જમીનો હતી એ જમીનો ખોટા દસ્તાવેજો ઉભા કરીને નેતા અને અધિકારીઓએ બારોબાર વેચી દીધી, જંગલ ખાતામાં ગત વરસે ૧૦૦ કરોડનુ કૌભાંડ થયુ, ગુજરાત પેટર્નમાં કૌભાંડ થયુ, આદર્શ ગામમાં દાહોદમાં ૧૦૦ કરોડ રૂપીયા આવ્યા તેનુ પણ કૌભાંડ થયુ, જયારે પણ મીડીયા મિત્રોને અમે દાહોદ ના લોકો સાથે આટલો અન્યાય કેમ થઈ રહ્યો છે તે જણાવીએ છીએ ત્યારે આ વિસ્તારના સાંસદોના નામ આવે, ધારાસભ્યોના નામ આવે એટલે તપાસ બંધ થઈ જાય,

# અંબાલાલ પટેલની આગાહીઃ વરસાદી સિસ્ટમ રાજસ્થાન તરફ ગતિ કરશેઃ ૪૮ કલાકમાં અમદાવાદ સહિત ઉત્તર ગુજરાતમાં વરસાદનુ જોર વધશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ચોમાસાની વિદાય થઈ ગયા બાદ બંગાળની ખાડી અને અરબ સાગરમાં સક્રિય સિસ્ટમના કારણે રાજયોમાં કારતક મહિનામાં અષાઢી માહોલ જોવા મળી રહ્યો છે. છેલ્લા ત્રણેક દિવસથી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં તો જુલાઈ અને ઓગસ્ટમાં પડે તેવી રીતે વરસાદ વરસી રહ્યો છે. કમોસમી વરસાદના કારણે ખેડુતો પાક નુકશાનની ભીતી સેવી રહ્યા છે ત્યારે લોકોએ પણ શિયાળાનુ આગમન સમજીને માળીયા પર ચડાવી દીધેલા રેઈનકોટ અને છત્રીઓ ફરીથી ઉતારવાની ફરજ પડી છે. એવામાં જાણીતા હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે આગામી ૪૮ કલાકમાં ભારે થી અતિભારે વરસાદની આગાહી કરી છે. અંબાલાલ પટેલના જણાવ્યા પ્રમાણે છેલ્લા બે દિવસથી દક્ષિણ ગુજરાતમાં વરસાદે બઘટાડી બોલાવ્યા બાદ હવે આ વરસાદી સિસ્ટમ સૌરાષ્ટ્ર બાદ ધીમે ધીમે રાજયના અન્ય ભાગો તરફ ગતિ કરશે. આ સિસ્ટમ સૌરાષ્ટ્ર થી લઈને પૂર્વ રાજસ્થાન તરફ જવાની શકયતા રહેશે. જેમ જેમ આ સિસ્ટમ પૂર્વ રાજસ્થાન તરફ ગતિ કરશે તેમ તેમ અમદાવાદ અને ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના ભાગોમાં વરસાદનુ જોર વધશે. આગામી ૪૮ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર ઉપરાંત અમદાવાદ અને ઉત્તર-મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદ પડી શકે છે. વધુમાં અંબાલાલે જણાવ્યુ હતુ કે નવેમ્બર મહિનામાં પણ બંગાળનો ઉપસાગર સક્રિય રહેશે. જેના ભેજના કારણે દક્ષિણ ભારતમાં ભારેથી અતિભારે વરસાદની શકયતા રહેશે. તા. ૪ થી ૮ નવેમ્બર દરમિયાન પશ્ચિમી વિક્ષોપ આવવાની શકયતા રહેશે. જેના પરીણામે ગુજરાતના વાતાવરણમાં ફરીથી પલટો આવશે. આ દરમિયાન વાદળછાયુ વાતાવરણ રહેવાની સાથે સાથે કેટલાક ભાગોમાં છુટાછવાયા ઝાપટા પડી શકે છે.



# મુખ્ય સચિવ પંકજ જોશીને એકસટેન્શન ? કે પછી વયનિવૃત્તિ ચાલુ મહિનાના અંત સુધીમાં લેવાશે નિર્ણય

## હવે નવનિયુકત મંત્રીઓના પીએ-પીએસમાં આવશે મોટા ફેરફારો : જુના મંત્રીઓના પીએ-પીએસ પણ બદલાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના મુખ્ય સચિવ પંકજ જોશી ચાલુ મહિનાના અંતમાં નિવૃત્ત થઈ રહ્યા છે. આ સંજોગોમાં નવા મુખ્ય સચિવ કોણ થશે તે અંગેની ચર્ચા જોરશોરથી ચાલી રહી છે, વિતેલુ આખુ સપ્તાહ સરકારમાં મીની વેકેશન સમાન રહ્યુ હતું. પરંતુ પંકજ જોશીને એકસટેન્શન મળશે કે નવા મુખ્ય સચિવ આવશે એ અંગેની ચર્ચાને કોઈ રજા નડી ન હતી.



સચિવાલયમાં એવી ચર્ચાઓ ચાલી રહી છે કે પંકજ જોશીને ૩ માસ અથવા ૬ માસનુ એકસટેન્શન મળી શકે છે અને આ અંગેનો નિર્ણય ચાલુ સપ્તાહમાં થઈ જશે. જો કે કંઈક સરપ્રાઈઝ આવે એવી પણ શકયતા નકારી શકાતી નથી. રાજયના મુખ્ય સચિવ પંકજ જોશી વયમર્યાદાના કારણે ચાલુ મહિનાના અંતમાં નિવૃત્ત થવા જઈ રહ્યા છે. મોટા ભાગના લોકો એવુ માની રહ્યા છે કે તેમને એકસટેન્શન આપવામાં આવશે. ભુતકાળમાં ઘણા મુખ્ય સચિવને એકસટેન્શન મળી ચુકયા છે. ત્યારે પંકજ જોશીનો કાર્યકાળ પણ લંબાવવામાં આવે તેવી પુરેપુરી સંભાવના છે. પંકજ જોશી બાદ સીનીયોરીટીમાં સુનયનાબેન તોમર આવે છે અને તેઓ પણ આવતા મહિનામાં નિવૃત્ત થઈ રહ્યા છે. ત્યારે પંકજ જોશીને એકસટેન્શન મળે એવી શકયતા બહુ વધારે છે. ઘણા લોકો એવુ માને છે કે તેમને ૩ મહિનાનુ એકસટેન્શન મળશે, જયારે ઘણા લોકો એવુ જણાવી રહ્યા છે કે મુખ્ય સચિવને હંમેશા ૬ મહિનાનુ એકસટેન્શન મળતુ હોય છે. એટલે કદાચ પંકજ જોશીને પણ ૬ મહિનાનો વધારાનો સમય મળી શકે એવી શકયતા નકારી શકાય નહી. હવે આ નિર્ણય કયારે થશે આ બાબતે લોકો સ્પષ્ટ જણાવી રહ્યા છે કે ચાલુ મહિનાના અંત સુધીમાં નિર્ણય થઈ જશે. એટલે કે પંકજ જોશીને એકસટેન્શન મળે છે કે સરપ્રાઈઝ તેનુ ચિત્ર ૩૦ ઓકટોબર સુધીમાં સ્પષ્ટ થઈ જશે. ગુજરાત સરકારનુ મંત્રી મંડળનુ વિસ્તરણ થઈ ગયુ છે અને નવા તમામ મંત્રીઓએ પોતાનો ચાર્જ સંભાળી લીધો છે. ત્યારે હવે બહુ જલ્દી તમામ મંત્રીઓના પર્સનલ સેક્રેટરી (પીએસ) અને પર્સનલ આસીસ્ટટન્ટ (પીએ) માં મોટાપાયે ફેરફારો આવશે. જો કે જુના મંત્રીઓએ પોતાના પીએ પીએસ યથાવત રાખ્યા છે. તેઓની પણ બદલી થાય તેવી શકયતા છે. ત્યારે તેમના અંગત સ્ટાફમાં ફેરફાર થશે કે તેમને યથાવત રાખવામાં આવશે એ પણ હવે ટુંક સમયમાં નકકી થઈ જશે. એટલુ ચોકકસ છે કે નવા મંત્રીઓને તેમનો અંગત સ્ટાફ બહુ જલ્દી ફાળવવામાં આવશે. રાજય સરકારનુ મંત્રી મંડળ વિસ્તરણ થયા બાદ મીનીવેકેશન આવી ગયુ હતું. લગભગ મંત્રીઓએ ધનતેરસના દિવસે ચાર્જ સંભાળી લીધો છે. હવે આજથી સચિવાલય ફરી ધમધમતુ શરૂ થઈ ગયુ છે.